dailyhunt संજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year-09 | Issue-281 | AD-2026, Ashadh Sud -03 | Friday, Dt.17-07-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### મ્યાનમાર અને બાંગ્લાદેશમાંથી સારા ભવિષ્યની આશાએ દરિયાઇ માર્ગે નીકળ્યા હતા રોહિંગ્યા શરણાર્થીઓ

# બંગાળની ખાડીમાં બે બોટ પલટી જતાં ૫૦૦થી વધુ લોકોના મોતની આશંકા

નવી દિલ્હી,તા. ૧૬

બંગાળની ખાડીમાં મ્યાનમારના રોહિંગ્યા શરણાર્થીઓને લઈ જતી બે બોટ દુર્ઘટનાગ્રસ્ત બનતા ૫૦૦થી વધુ લોકોના મોત થયા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. યુનાઈટેડ નેશન્સ રેફ્યુજી એજન્સી **(UNHCR)** અને ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર માઈગ્રેશન **(IOM)** દ્વારા જાહેર કરાયેલી પ્રાથમિક માહિતી મુજબ બંને બોટમાં મળીને અંદાજે ૫૩૦ જેટલા લોકો સવાર હતા. જોકે આ ઘટનાની હજુ સુધી સત્તાવાર પુષ્ટી કરવામાં આવી નથી, પરંતુ મોટી જાનહાનિ થયાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

મળતી વિગતો મુજબ બંને બોટ જૂન મહિનાના અંતિમ દિવસોમાં મ્યાનમારના રખાઈન પ્રાંતમાંથી રવાના થઈ હતી. આ બોટોમાં મોટાભાગના મુસાફરો રોહિંગ્યા સમુદાયના હતા. જ્યારે કેટલાક લોકો બાંગ્લાદેશમાં આવેલા શરણાર્થી કેમ્પોમાંથી પણ જોડાયા હતા. તેઓ વધુ સુરક્ષિત જીવન અને રોજગારની આશામાં દરિયાઈ માર્ગે અન્ય દેશોમાં જવા નીકળ્યા હતા. યુએન એજન્સીઓએ જણાવ્યું છે કે પ્રથમ બોટમાં આશરે ૨૫૦ લોકો સવાર હતા. દરિયામાં પ્રવેશ્યા બાદ થોડા સમય પછી જ આ બોટનો સંપર્ક સંપૂર્ણપણે તૂટી ગયો હતો. ત્યારબાદ બોટ અને તેમાં રહેલા લોકો અંગે કોઈ વિશ્વસનીય માહિતી મળી નથી. બીજી બોટમાં અંદાજે ૨૮૦ લોકો સવાર હતા. આ બોટ ૮ જુલાઈના રોજ



મ્યાનમારના આયેયારવાડી કિનારા નજીક ડૂબી ગઈ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. બંને બોટમાં સવાર મોટાભાગના લોકો હજુ સુધી ગુમ હોવાનું માનવામાં આવે છે.રોહિંગ્યા સમુદાય છેલ્લા ઘણા વર્ષોથી અત્યાચાર, હિંસા અને અસુરક્ષાના કારણે પોતાના વતન છોડવા મજબૂર બન્યો છે. મ્યાનમારમાં સતત ચાલતા સંઘર્ષ અને બાંગ્લાદેશના શરણાર્થી કેમ્પોમાં રહેલી મુશ્કેલ પરિસ્થિતિઓને કારણે હજારો લોકો જોખમી દરિયાઈ મુસાફરી પસંદ કરે છે. તેમનો મુખ્ય હેતુ મલેશિયા, ઈન્ડોનેશિયા અને થાઈલેન્ડ જેવા દેશોમાં પહોંચવાનો હોય છે જ્યાં તેમને સુરક્ષા અને રોજગારીની વધુ તકો મળવાની આશા રહે છે. હાલમાં બાંગ્લાદેશના વિવિધ શરણાર્થી કેમ્પોમાં અંદાજે ૧૨ લાખ જેટલા રોહિંગ્યા લોકો રહે છે. આ કેમ્પોમાં જીવન જરૂરી સુવિધાઓની અછત, મર્યાદિત રોજગારી અને અનિશ્ચિત ભવિષ્યના કારણે અનેક પરિવારો સ્થળાંતરનો માર્ગ અપનાવે છે. પરંતુ દરિયાઈ મુસાફરી દરમિયાન ઘણીવાર ગંભીર દુર્ઘટનાઓ સર્જાતી રહે છે.

યુએનએચસીઆર અને આઈઓએમએ જણાવ્યું છે કે જો આ ઘટનામાં વ્યક્ત કરવામાં આવેલી આશંકાઓ સાચી સાબિત થાય તો તે તાજેતરના વર્ષોમાં બનેલી સૌથી ભયાનક દરિયાઈ દુર્ઘટનાઓમાંથી એક ગણાશે. બંને સંસ્થાઓએ આંતરરાષ્ટ્રીય સમુદાયને શરણાર્થીઓની સુરક્ષા માટે અસરકારક પગલાં ભરવા અને માનવતાવાદી સહાય વધારવા અપીલ કરી છે.

દરિયાઈ માર્ગે સ્થળાંતર દરમિયાન છેલ્લા ઘણા વર્ષોમાં હજારો રોહિંગ્યા પોતાનો જીવ ગુમાવી ચૂક્યા છે અને આ નવી ઘટના ફરી એકવાર વૈશ્વિક સ્તરે ગંભીર ચિંતા ઉભી કરી રહી છે.

# ચોમાસુ સત્ર દરમિયાન સંસદ સંકુલમાં દેખાવો, સુત્રોચ્ચાર પર પ્રતિબંધ મુકાયો

નવી દિલ્હી, તા. ૧૬




સંસદનું ચોમાસુ સત્ર ૨૦ જુલાઈથી શરૂ થઈ ૧૩ ઓગસ્ટ સુધી ચાલનાર છે. સત્ર પૂર્વે લોકસભા સચિવાલય દ્વારા સાંસદો માટે ખાસ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. સચિવાલયે સંસદ ભવન સંકુલમાં શિસ્ત અને સુરક્ષા જળવાઈ રહે તે માટે અનેક પ્રવૃત્તિઓથી દૂર રહેવાની અપીલ કરી છે.જારી કરાયેલી સૂચનાઓ મુજબ સાંસદોને સંસદ સંકુલની અંદર દેખાવો, ધરણા, સૂત્રોચ્ચાર, બેનરો અને પ્લેકાર્ડના પ્રદર્શનથી દૂર રહેવા જણાવાયું છે. સાથે જ ધાર્મિક વિધિઓ, ઉપવાસ, હડતાળ અથવા અન્ય પ્રકારના વિરોધ કાર્યક્રમો માટે પણ સંસદ સંકુલનો ઉપયોગ ન કરવા સૂચના આપવામાં આવી છે.સચિવાલયે સભ્યોને સત્ર દરમિયાન હાથની બુધ્ધિશાળી ઘડિયાળ તથા બુધ્ધિશાળી ચશ્માં જેવા ઉપકરણોનો ઉપયોગ ટાળવા પણ જણાવ્યું છે. આ પગલું સભ્યોની સુરક્ષા, ગોપનીયતા અને વિશેષાધિકારોની રક્ષા માટે લેવામાં આવ્યું હોવાનું જણાવાયું છે.એક અલગ સૂચનામાં જણાવાયું છે કે કેટલાક પ્રસંગોએ બેનરો અને પ્લેકાર્ડ પર કૃત્રિમ બુધ્ધિમત્તાથી તૈયાર કરાયેલી વાંધાજનક તસવીરો અને સૂત્રો દર્શાવવામાં આવ્યા હતા. આવી પ્રવૃત્તિઓથી દૂર રહેવા સાંસદોને અપીલ કરવામાં આવી છે.

સચિવાલયે સંસદ ભવનના પ્રવેશદ્વારો આગળ વિરોધ કાર્યક્રમો ન યોજવા પણ જણાવ્યું છે. આવા કાર્યક્રમો દરમિયાન સભ્યોની અવરજવર અને ગૃહની કામગીરીમાં અવરોધ ઉભો થતો હોવાનું ધ્યાનમાં આવ્યું છે. સુરક્ષાના કારણોસર પ્રવેશદ્વારો ખુલ્લા રાખવા જરૂરી હોવાનું પણ જણાવાયું છે. સંસદ સંકુલમાં હથિયારો, ડંડા, ભાલા, તલવાર અને અન્ય સમાન વસ્તુઓ લાવવા પર પણ પ્રતિબંધ યથાવત રાખવામાં આવ્યો છે. અગાઉ વિરોધ પ્રદર્શનોને કારણે અનેક વખત સંસદની કાર્યવાહી ખોરવાઈ હતી, જેને ધ્યાનમાં રાખીને આ માર્ગદર્શિકા વધુ કડક બનાવવામાં આવી છે.

# બંગાળની ખાડીમાં દબાણ સર્જાતા પૂર્વ ભારતના અનેક રાજ્યોમાં ભારે વરસાદની આગાહી

નવી દિલ્હી, તા. ૧૬

હવામાન વિભાગે જણાવ્યું છે કે ગુરુવારે બંગાળની ખાડી વિસ્તારમાં ઓછા દબાણનું ક્ષેત્ર બનતા પૂર્વ ભારતના અનેક રાજ્યોમાં ભારે વરસાદ થવાની શક્યતા ઉભી થઈ છે. પશ્ચિમ બંગાળ, ઓડિશા, ઝારખંડ અને બિહારમાં આગામી દિવસોમાં ભારે થી અતિભારે વરસાદ વરસી શકે તેવી આગાહી કરવામાં આવી છે. ઓડિશામાં જગન્નાથજીની રથયાત્રા પહેલા બુધવારે અનેક વિસ્તારોમાં વરસાદ નોંધાયો હતો.હવામાન વિભાગ દ્વારા રથયાત્રા દરમિયાન પણ



વરસાદની ચેતવણી જાહેર કરવામાં આવી છે. પુરી સહિત રાજ્યના વિવિધ જિલ્લાઓમાં વરસાદી માહોલ યથાવત રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. બંગાળની ખાડીમાં સર્જાયેલા ઓછા દબાણના ક્ષેત્રના કારણે આ પરિસ્થિતિ ઉભી થઈ હોવાનું જણાવાયું છે.પશ્ચિમ બંગાળના અનેક ભાગોમાં આગામી કેટલાક દિવસો સુધી ભારે વરસાદ વરસવાની શક્યતા છે. તરફ અરુણાચલ પ્રદેશમાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન ભારે વરસાદ, પૂર અને ભૂસ્ખલનની ઘટનાઓને કારણે ચાર જિલ્લાઓમાં વ્યાપક નુકસાન થયાના અહેવાલ છે. રાજ્યમાં એક લાખથી વધુ લોકો અસરગ્રસ્ત બન્યા છે. અત્યાર સુધીમાં સાત લોકોના મોત થયા હોવાનું તથા ઓગણત્રીસ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનું જાણવા મળ્યું છે.આસામમાં પણ પરિસ્થિતિ ચિંતાજનક બની છે. રાજ્યના છ જિલ્લાઓના ૯૯ ગામો પૂરથી પ્રભાવિત થયા છે. અંદાજે ૩૭ હજારથી વધુ લોકો અસરગ્રસ્ત બન્યા છે. લખીમપુર જિલ્લામાં સૌથી વધુ અસર જોવા મળી રહી છે અને રાહત કામગીરી ચાલુ રાખવામાં આવી છે.

### સંસદીય પક્ષની બેઠક બાદ જયરામ રમેશની જાહેરાત, વિપક્ષી એકતા જાળવવાનો દાવો

# ચોમાસુ સત્ર પહેલા કોંગ્રેસનો સીમાંકન બિલ સામે મોરચો

નવી દિલ્હી, તા. ૧૬



સંસદનું ચોમાસુ સત્ર આગામી સોમવારથી શરૂ થવા જઈ રહ્યું છે ત્યારે કોંગ્રેસે સંભવિત સીમાંકન બિલ સામે ખુલ્લો વિરોધ નોંધાવવાનો નિર્ણય કર્યો છે.

દિલ્હીમાં સોનિયા ગાંધીના નેતૃત્વમાં યોજાયેલી કોંગ્રેસ સંસદીય પક્ષની બેઠક બાદ પક્ષના નેતા જયરામ રમેશે જણાવ્યું હતું કે જો સરકાર સીમાંકન બિલ રજૂ કરશે તો કોંગ્રેસ તેનો સખત વિરોધ કરશે અને અન્ય સમાન વિચારધારા ધરાવતા વિપક્ષી પક્ષો સાથે મળીને લડત આપશે.બેઠકમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા, કે.સી. વેણુગોપાલ, શશી થરૂર, પી. ચિદમ્બરમ સહિતના વરિષ્ઠ નેતાઓ અને સાંસદો હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન ચોમાસુ સત્રની વ્યૂહરચના અને સરકાર દ્વારા રજૂ થનારા સંભવિત બંધારણીય સુધારા બિલો અંગે ચર્ચા કરવામાં આવી હતી.જયરામ રમેશે જણાવ્યું કે સર્વપક્ષીય બેઠક માત્ર ઔપચારિકતા બની ગઈ છે અને મહત્વના નિર્ણયો થોડા લોકો દ્વારા લેવામાં આવે છે. કોંગ્રેસે ‘‘એક રાષ્ટ્ર, એક ચૂંટણી’’, એફસીઆરએ સુધારા બિલ તેમજ ખાદ્ય સુરક્ષા કાયદામાં પ્રસ્તાવિત ફેરફારોનો પણ વિરોધ કરવાની જાહેરાત કરી છે. રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે સીમાંકન બિલ પસાર કરવા માટે સરકાર જરૂરી સંખ્યાબળ એકત્ર કરવાની કોશિશ કરી રહી છે.

કેટલાક પ્રાદેશિક પક્ષોના સંભવિત સમર્થનથી સરકારનું સંખ્યાબળ વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે, જેના કારણે ચોમાસુ સત્ર દરમિયાન આ મુદ્દે ભારે રાજકીય ઘર્ષણ સર્જાય તેવી સંભાવના છે.

# સીબીએસઈ ધો.૯માં ત્રીજી ભાષા લાગુ કરવી યોગ્ય નહી : સુપ્રીમ કોર્ટ


નવી દિલ્હી, તા. ૧૬

સુપ્રીમ કોર્ટે ગુરુવારે સીબીએસઈ દ્વારા ધોરણ ૯થી થ્રી લેંગ્વેજ પોલિસી અમલમાં મુકવાના મુદ્દે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. જસ્ટિસ બી.વી. નાગરત્ના અને જસ્ટિસ આર. મહાદેવનની બેન્ચે જણાવ્યું કે ધોરણ ૯નો અભ્યાસ પહેલાથી જ વિદ્યાર્થીઓ માટે પડકારજનક હોય છે ત્યારે ત્રીજી ભાષાનો સમાવેશ કરવાથી તેમના પર વધારાનો માનસિક તણાવ વધી શકે છે. કોર્ટે કેન્દ્ર સરકારને આ મુદ્દે પુનર્વિચાર કરવાની સલાહ આપી હતી. બેન્ચે જણાવ્યું કે ત્રીજી ભાષાનો અભ્યાસ ધોરણ ૫ અથવા ૬થી શરૂ કરવામાં આવે તો વિદ્યાર્થીઓ તેને વધુ સરળતાથી શીખી શકે.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શુક્રવાર, તા.૧૭-૦૭-૨૦૨૬

**ફાયર સ્ટેશન ખાતે પૂર્વ પાલિકા પ્રમુખના જન્મદિનની ઉજવણી થયા બાદ આદેશ થયો હોવાની ચર્ચા**

# બગસરા નગરપાલિકાની મિલકતોમાં અનઅધિકૃત પ્રવેશ અંગે ચીફ ઓફીસરે કર્યો આદેશ

બગસરા,તા.૧૬

બગસરા નગરપાલિકાની મિલકતોમાં અનઅધિકૃત વ્યક્તિઓએ પ્રવેશ કરવો નહી તેવો ચીફ ઓફીસરે લેખીતમાં આદેશ કર્યો હતો જો કે આ આદેશ માત્ર ૨૪ કલાકમાં જ રદ કરી નાખવામાં આવતા કોઈ રાજકિય દબાણને કારણે આ આદેશ રદ કરવામાં આવ્યો હોવાનુ લોકોમાં ચર્ચાઈ રહ્યુ છે. બગસરા પાલિકા પૂર્વ પ્રમુખના જન્મદિનની ઉજવણી પાલિકાના ફાયર સ્ટેશન ખાતે કરવામાં આવી હતી જો કે આ ઉજવણીના ગણતરીના કલાકોમાં જ ચીફ ઓફિસર મીતલબેન ભાલાળા દ્વારા લેખીતમાં આદેશ કરવામાં આવ્યો હતો આદેશમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે બગસરા નગરપાલિકાની મિલકતો જેવી કે, ફાયર સ્ટેશન, અટલજી પાર્ક,નગરપાલિકા નવી-જુની બિલ્ડીંગ, અટલજી સંકુલ, લાયબ્રેરીમાં ખાનગી કામો થતા હોય તેમ જણાઈ આવેલ છે. જેથી આ તમામ મિલકતોમાં સરકારી કામ સિવાય અન્ય કોઈ પ્રવૃતિ કરવાની રહેશે નહી. નગરપાલિકાની મિલકતોમાં અનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવે છે. અન્ય કોઈ પ્રવૃતિ ધ્યાને આવશે તો ફરજ પરના અધિકારી, કર્મચારીઓ અને પદાધિકારીઓની અંગત જવાબદારી નક્કી કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી. જો કે આ આદેશ થયા બાદ માત્ર ૨૪ કલાકમાં જ આ આદેશને રદ કરવામાં આવ્યો હતો. આ આદેશને રદ કરવા માટે રાજકિય દબાણ હોવાનુ લોકોમાં ચર્ચાઈ રહ્યુ છે. આ બાબતે પાલિકા પૂર્વ પ્રમુખ એ.વી.રીબડીયાએ જણાવ્યું હતું કે અટલજી પાર્ક સહિત અનેક પાલિકાની મિલકતોમાં અનધિકૃત વ્યક્તિઓનો પ્રવેશ અને અશોભનીય કાર્ય થઈ રહ્યુ છે ત્યારે આવા ઈસમો સામે પાલિકા દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. જો કે ચીફ ઓફિસરના આદેશને માત્ર ૨૪ કલાકમાં જ રદ કરવામાં આવતા શહેરમાં અનેક તર્ક-વિતર્ક થઈ રહ્યાં છે.

# રાજુલા-મહુવા રોડના રેલવે ફાટકથી લોકો પરેશાન, અંડરપાસની માંગ

રાજુલા,તા.૧૬



રાજુલાથી મહુવા રોડ પર આવેલ રેલવે ફાટક વારંવાર બંધ રહેતા નાગરિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. પીપાવાવ પોર્ટ તરફ જતી ૨૦થી ૨૫ માલગાડીઓના કારણે દિવસ દરમિયાન અનેક વખત ફાટક લાંબા સમય સુધી બંધ રહે છે. આ માર્ગ પર દેવકા વિદ્યાપીઠ, નોબલ સ્કૂલ, સરકારી આઈ.ટી.આઈ. તેમજ હોસ્પિટલો આવેલી હોવાથી વિદ્યાર્થીઓ, દર્દીઓ અને ઈમરજન્સી વાહનોને ભારે હાલાકી પડે છે. રેલવે ટ્રાફિકમાં વધારો થયો હોવા છતાં હજુ સુધી અંડરપાસ કે ઓવરબ્રિજની વ્યવસ્થા કરવામાં આવી નથી. રાજુલાના નાગરિકો, વાલીઓ, ખેડૂતો અને સામાજિક સંગઠનો દ્વારા તાત્કાલિક અંડરપાસ બનાવવાની માંગ કરવામાં આવી છે.

# અમરેલી ખાતે આજે રોજગાર ભરતી મેળો યોજાશે

અમરેલી,તા.૧૬

અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરી અને ઔદ્યોગિક તાલીમ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે આગામી ૧૭ જુલાઈના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે લાઠી રોડ સ્થિત ITI અમરેલી ખાતે રોજગાર ભરતીમેળાનું આયોજન કરાયું છે. ભરતીમેળામાં શીતલ કૂલ પ્રોડક્ટ્સ લિમિટેડ, ક્રેડિટ એક્સેસ ગ્રામીણ લિમિટેડ તેમજ HDFC Life Insurance સહિતની કંપનીઓ વિવિધ જગ્યાઓ માટે લાયક ઉમેદવારોની સીધી પસંદગી કરશે. ધોરણ-૧૦ પાસથી લઈને અનુસ્નાતક સુધીની શૈક્ષણિક લાયકાત ધરાવતા મહિલા અને પુરુષ ઉમેદવારો ભરતીમેળામાં ભાગ લઈ શકશે. ઉમેદવારોએ પોતાના મૂળ શૈક્ષણિક પ્રમાણપત્રો, આધારકાર્ડ અને બાયોડેટા સાથે હાજર રહેવાનું રહેશે. ઉમેદવારોને ભરતીમેળા પહેલાં અનુબંધમ પોર્ટલ પર ઓનલાઈન નોંધણી કરાવવાની અપીલ કરી છે.

# જનક તળાવીયના હસ્તે શેખ પીપરીયા ગામે નવી માધ્યમિક શાળાનું ખાતમુહૂર્ત

લાઠી,તા.૧૬



લાઠીના શેખ પીપરીયા ગામે રૂ. ૧.૯૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર નવી માધ્યમિક શાળાના ભવનનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. વૈદિક મંત્રોચ્ચાર સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં ગ્રામજનો, આગેવાનો, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. નવી શાળા આધુનિક સુવિધાઓથી સજ્જ બનશે, જેના કારણે ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ અને સારું શૈક્ષણિક વાતાવરણ મળશે. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે શિક્ષણ ક્ષેત્રનાવિકાસ માટે સરકાર સતત પ્રયાસો કરી રહી છે અને ગામડાં સુધી સુવિધાઓ પહોંચાડવામાં આવી રહી છે. તેમણે શિક્ષણને સમાજના ઉજ્જવળ ભવિષ્યનું પાયાનું સાધન ગણાવ્યું હતું. આ પ્રસંગે વિવિધ આગેવાનો અને ગ્રામજનોએ શાળાના નિર્માણ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# અમરેલીમાં ૩૦ દિવસનો નિઃશુલ્ક નિવાસી તાલીમવર્ગ શરૂ થશે

અમરેલી,તા.૧૬

અમરેલી જિલ્લા રોજગાર કચેરી દ્વારા સંરક્ષણ અને પોલીસ દળમાં જોડાવા ઈચ્છતા યુવાનો માટે ૩૦ દિવસના નિઃશુલ્ક નિવાસી તાલીમવર્ગનું આયોજન કરવામા આવ્યું છે. તાલીમ દરમિયાન પસંદ થયેલા ઉમેદવારોને રહેવા અને જમવાની સુવિધા સાથે શારીરિક તેમજ લેખિત પરીક્ષાની તૈયારી વિનામુલ્યે આપવામાં આવશે. અમરેલી જિલ્લાના ૧૭.૫ થી ૨૫ વર્ષના ધોરણ ૧૦ અથવા તેથી વધુ લાયકાત ધરાવતા પુરુષ ઉમેદવારો અરજી કરી શકશે. અગ્નિવીરની લેખિત પરીક્ષા પાસ કરેલા ઉમેદવારોને પ્રથમ પ્રાધાન્ય અપાશે. અરજીપત્રક જિલ્લા રોજગાર કચેરી અથવા ટેલીગ્રામ ચેનલ પરથી મેળવી શકાશે અને ૧૦ દિવસની અંદર જમા કરાવવાનુ રહેશે.

# ચલાલા પોલીસ લાઈનમાં દાનેવ પાર્ક અને CCTV કેમેરા પ્રોજેક્ટનું લોકાર્પણ

અમરેલી,તા.૧૬



ચલાલા ખાતે પોલીસ લાઈન પરિસરમાં દાનેવ પાર્ક અને ઈગલ પ્રોજેક્ટ હેઠળ સ્થાપિત CCTV કેમેરા પ્રોજેક્ટનું લોકાર્પણ કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમ અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાટના હસ્તે યોજાયો હતો. આ પ્રસંગે ધારીના ધારાસભ્ય જે.વી. કાકડિયા, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ મહાવીર બાપુ, મહેશભાઈ મહેતા, ચલાલા નગરપાલિકાના પ્રમુખ જયરાજભાઈ વાળા, ઉપેન્દ્રભાઈ વાળા સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન અને સંચાલન ચલાલા પોલીસ સ્ટેશનના પીએસઆઈ રતન ગઢવીના માર્ગદર્શન હેઠળ કરવામા આવ્યુ હતુ. પ્રસંગે આસપાસના ગામોના સરપંચો, વિવિધ સામાજિક, શૈક્ષણિક તેમજ સેવાકીય સંસ્થાઓના પ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ત્રિવેણી સંગમ માનવ મંદિરના જયસુખભાઈ, ગાયત્રી ધામના શીતલબેન મહેતા, વેપારી મંડળના હોદ્દેદારો સહિત વિવિધ સંસ્થાના આગેવાનો પણ કાર્યક્રમમાં જોડાયા હતા. આ પ્રોજેક્ટ શહેરની સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબુત બનાવશે તેમજ નાગરિકોને સુંદર જાહેર સ્થળની સુવિધા પુરી પાડશે તેવી આશા વ્યક્ત કરાઈ હતી.

# અમરેલીના મોટા માંચીયાળા ગામેથી ૬ જુગારી ઝડપાયા

**પોલીસે જુગાર સ્થળેથી રૂા.૪૬,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી કરી**

અમરેલી, તા.૧૬

અમરેલી જિલ્લામાં જુગારની મોસમ પુરબહારમાં ખીલી હોય તેવુ લાગી રહ્યુ છે. અમરેલીના મોટા માંચીયાળા ગામેથી ૬ જુગારી ઝડપાયા હતા. મુસ્તાકભાઈ ઉર્ફે ઝાડવો મહમંદભાઈ કુરેશી, અમીતભાઈ જેઠાભાઈ જાદવ, શાંતિભાઈ રાધવભાઈ સોલંકી, સફરાજભાઈ ઉર્ફે સફુ સાહીલભાઈ સેતા, સફરાજભાઈ ફેજુભાઈ મલેક તથા પરેશભાઈ કરશનભાઈ બતા જાહેરમાં તીનપતીનો પૈસાની હારજીતનો જુગાર રમતા રેઈડ દરમિયાન કુલ રોકડા રૂ.૪૬,૬૦૦ના મુદામાલ સાથે ઝડપાયા હતા. અમરેલી એલસીબી એએસઆઈ કે.એ. સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે.

# શ્રીજી વિદ્યાર્થી ભુવનના વિદ્યાર્થીઓએ ત્રિમૂર્તિ મંદિરની મુલાકાત લીધી

અમરેલી, તા.૧૬



શ્રીજી વિદ્યાર્થી ભુવનના વિદ્યાર્થીઓએ અમરેલી સ્થિત ત્રિમૂર્તિ મંદિરની મુલાકાત લઈ દર્શન કર્યા હતા. બાળકોમાં સંસ્કાર, શ્રધ્ધા અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે પ્રેમ વિકસે તે હેતુથી આ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ મંદિર પરિસરમાં વિવિધ રમતો રમી પ્રકૃતિના સાનિધ્યનો આનંદ માણ્યો હતો. વિવિધ વિભાગોની મુલાકાત અને કેન્ટીનમાં નાસ્તો કરી વિદ્યાર્થીઓ આનંદિત થયા હતા. સુંદર આયોજન બદલ સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસીયા અને વિલાસબેન વઘાસીયાએ શિક્ષકગણને અભિનંદન પાઠવ્યા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




## :: જાહેર નોટીસ ::

આથી અમો શ્રી, નિરજ એન. શિયાળ-એડવોકેટ ઉના આથી અમારા અસીલ શ્રી, નયનાબેન રમેશભાઈ ડાભીએ આપેલ સુચનાઓ મુજબ આ જાહેર નોટીસથી લાગતા વળગતાને જાણ કરવાની કે, ગીરસોમનાથ જિલ્લાના ઉના તાલુકાના સીમર ગામની રે.સ.નં.૮, તથા રે.સ.નં.૧૨-પૈકી.૧ (કુલ ચો.મી.૧૭૭૧૫.૦૦) રહેણાંકીય હેતુ અર્થે બીનખેતી થયેલ જમીનના લે-આઉટ પ્લાન માંહેનો પ્લોટ.નં.૧૮, ચો.મી.૨૧૦-૦૦ વાળા પ્લોટ વાળી મીલ્કત તેમના સ્વતંત્ર માલિકીની અને કબ્જા ભોગવટાની આવેલ છે, ઉકત સ્થાવર મિલ્કતને લગતા પુર્વગામી માલીકનો અસલ દસ્તાવેજ.નં.૯૯૮-૨૦૦૮, તા. ૩૦-૦૩-૨૦૦૮ શોધવા છતા મળી આવેલ નથી કે, આડા હાથે મુકાય ગયેલ છે, કે ગુમ થયેલ છે, સદરહું સ્થાવર મિલ્કતની ફાઈલ અમારી પાસે ટાઈટલ કલીયર રીપોર્ટ માટે આવેલ હોય સદરહું મિલ્કત અંગે માલીકી, કબ્જા કે ટાઈટલ પરત્વે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દરદાવો, ચાર્જ, ગીરો, બોજો, લીયન કે ટાઈટલ બાબતે કોઈ વ્યકિત, પેઢી, કંપની કે સંસ્થાનો કોઈપણ જાતનો વાંધો કે તકરાર હોય તો દિવસ-૦૭(સાત) માં અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી સદરહું મુદત વિત્યા બાદ કોઈનો વાંધો-તકરાર કે હકક, હિસ્સો નથી અથવા હોય તો તે જતો (WAIVE) કરેલ છે, તેમ સમજી અમો સદરહું મિલ્કત અંગે ટાઈટલ કલીયર રીપોર્ટ આપવા અંગેની કાર્યવાહી કરીશું અને આ નોટીસની મુદત વિત્યા બાદ કોઈનો કોઈપણ જાતનો વાંધો કે તકરાર અમોને કે અમારા અસીલને બંધન કર્તા રહેશે નહિ જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ : ઉના
તા. ૧૫/૦૭/૨૦૨૬

## જાહેર નોટીસ

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ઉના //-**

અરજી નં.૧૩૨/૨૦૨૬
જન્મ તારીખ : ૧૭/૦૧/૨૦૦૬

શ્રી યુનુસ ઈબ્રાહીમ મન્સૂરી,
રહે.વરસીંગપુર, ગામ-વરસીંગપુર, તાલુકો-ઉના,
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એસ.એસ.મન્સૂરી તથા પી.સી.બાંભણીયા, ઉના ...........અરજદાર

**-: વિરૂધ્ધ :-**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત વરસીંગપુર, તા.ઉના, જિલ્લો ગીરસોમનાથ ..........સામાવાળા

**બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**


આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી યુનુસ ઈબ્રાહીમ મન્સૂરી, રહે. વરસીંગપુર, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના પુત્રી અલ્ફીયાબેન યુનુસ મન્સુરીનો જન્મ તારીખ ૧૭/૦૧/૨૦૦૬ ના રોજ ઉના તાલુકાના વરસીંગપુર મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૧/૦૭/૨૦૨૬ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(ડી.કે.ભીમાણી)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ,
ઉના

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

YJ
યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

# અમરેલીની કોમર્સ કોલેજની વિદ્યાર્થીનીઓ યુવા આપદા મિત્ર તાલીમ શિબિરમાં જોડાઈ

અમરેલી,૧૬

અમરેલીના કે. કે. પારેખ કોમર્સ કોલેજની ૧૭ વિદ્યાર્થીનીઓ 'યુવા આપદા મિત્ર' તાલીમ શિબિરમાં જોડાઈ છે. શિબિરમાં રવાના થતા પહેલાં કોલેજ ખાતે એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. એ. જી. પટેલ દ્વારા નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઈન્ચાર્જ પ્રિન્સિપાલ



ભારતીબેન ફીણવિયા અને પ્રો. જે. એમ. તળાવિયાએ વિદ્યાર્થીનીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. તાલીમ માટેની સમગ્ર વ્યવસ્થા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. એ. બી. ગોરવાડિયાએ સંભાળી હતી. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી આ તાલીમ ૧૫થી ૨૧ જુલાઈ સુધી અમરેલીના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાશે. શિબિરમાં કુદરતી આપત્તિના સમયે સ્વ-બચાવ અને અન્યની સુરક્ષા અંગે વ્યવહારુ તાલીમ આપવામાં આવશે.

# સાવરકુંડલામાં રૂ.૯ કરોડના વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ

સાવરકુંડલા,તા.૧૬

સાવરકુંડલા શહેરમાં અંદાજે રૂ.૯ કરોડના વિવિધ પ્રગતિશીલ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ અંતર્ગત અખંડ ભારત સર્કલ ખાતે લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ભવ્ય પ્રતિમા અને સરદાર ચોકનું ખાતમુહૂર્ત કરાયું હતું. ધારાસભ્ય મહેશ કસવાલાએ આ કાર્યને પોતાના જાહેર જીવનની શ્રેષ્ઠ



ક્ષણ ગણાવી હતી.શહેરમાં સુરક્ષા વ્યવસ્થા વધુ સુદ્રઢ કરવા માટે આધુનિક ડિજિટલ સુવિધાઓથી સજ્જ પોલીસ ચોકીનું પણ ખાતમુહૂર્ત કરાયું છે, આ ઉપરાંત, જૈન બોર્ડિંગથી કબીર ટેકરી સુધીના અદ્યતન 'આઈકોનિક રોડ'નું ખાતમુહૂર્ત કરાયું હતું. નગરપાલિકા પ્રમુખ નયનાબેન કાપડિયાએ જણાવ્યું કે આ રોડ શહેરની નવી ઓળખ બનશે.પીવાના પાણીની સુવિધા માટે નવી ટાંકી અને સ્વચ્છતા માટે વોટર બ્રાઉઝરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સાથે જ, 'એક પેડ મા કે નામ' અભિયાન હેઠળ પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં વૃક્ષારોપણ પણ કરાયું હતું.

# અખબારી અહેવાલ બાદ દામનગરના પુલના ખાડાઓનું કામચલાઉ સમારકામ

દામનગર,તા.૧૬



દામનગર નજીક ભૂરખીયા ચોકડી પાસે આવેલા નવા પુલ પર પડેલા જોખમી ખાડાઓ અંગે અખબારોમાં અહેવાલ પ્રસિધ્ધ થયા બાદ તંત્ર હરકતમાં આવ્યું છે. એક જાગૃત નાગરિકે અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખને ટેલિફોન દ્વારા રજૂઆત કરતાં સંબંધિત અધિકારીઓને તાત્કાલિક કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી હતી. ત્યારબાદ પુલના ખાડાઓમાં ડામર અને કપચી નાખી કામચલાઉ સમારકામ કરવામાં આવ્યું છે. જોકે સમારકામ સમતલ ન હોવાથી કામગીરીની ગુણવત્તા અંગે પ્રશ્નો ઊભા થયા છે. તેમ છતાં વાહનચાલકોને હાલ માટે આંશિક રાહત મળી છે અને કાયમી સમારકામની માંગ ઉઠી રહી છે.

# સા.કુંડલાની ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજમાં કાલિદાસ જયંતિની ઉજવણી

**વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા**

અમરેલી,તા.૧૬

સાવરકુંડલાની વી.ડી. ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજમાં સંસ્કૃત સપ્તાહ મહોત્સવ અંતર્ગત કાલિદાસ જયંતિની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થિનીઓએ



સંસ્કૃત ગીતોની રજૂઆત કરી તેમજ મહાકવિ કાલિદાસના જીવન, સાહિત્ય અને કાવ્યસર્જન અંગે માહિતીસભર રજૂઆતો કરી હતી. કાર્યક્રમ અંતર્ગત રંગોળી, પોસ્ટર, સુભાષિત, ચિત્ર સ્પર્ધા, પ્રોજેક્ટ ફાઈલ અને પદાર્થ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના ઉપપ્રમુખ કનુભાઈ ગેડીયાએ શુભેચ્છાઓ પાઠવી હતી, જ્યારે કાર્યકારી આચાર્ય ડી. એલ. ચાવડાએ સંબોધન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ. પ્રતિમા શુક્લએ કર્યું હતું અને આભારવિધિ સંસ્કૃતના અધ્યાપક કે. બી. પટેલે વ્યક્ત કરી હતી.

# ભૂરખીયા હનુમાનજી મંદિરે ૧૦૦મો નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો

**૧૨૩ દર્દીઓની આંખોની તપાસ, ૩૨ દર્દીઓના મોતીયાના ઓપરેશન માટે લઈ જવાયા**


દામનગર,તા.૧૬

ભૂરખીયા હનુમાનજી દાદાના મંદિરે રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર, મુંબઈના આર્થિક સહયોગથી લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સિટી), ભૂરખીયા મંદિર ટ્રસ્ટ અને સુદર્શન નેત્રાલય, અમરેલીના સંયુક્ત ઉપક્રમે ૧૦૦મો નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. કેમ્પ દરમિયાન કુલ ૧૨૩ દર્દીઓની આંખોની તપાસ કરવામાં આવી હતી. તપાસ બાદ ૩૨ દર્દીઓને મોતીયાના ઓપરેશન માટે પસંદ કરવામાં આવ્યા હતા અને તેમને સારવાર માટે અમરેલી લઈ જવામાં આવ્યા હતા. સુદર્શન નેત્રાલયની નિષ્ણાત તબીબોની ટીમે દર્દીઓની તપાસ અને માર્ગદર્શનની સેવા આપી હતી. કેમ્પના સફળ આયોજન બદલ આયોજકો તેમજ સેવા આપનાર તમામ ટીમનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# લીલીયા પોલીસની કાર્યવાહીથી સાયબર ફ્રોડનો આરોપી જોધપુરથી ઝડપાયો

લીલીયા,તા.૧૬

લીલીયા પોલીસે સાયબર ફ્રોડના નાસતા ફરતા આરોપીને રાજસ્થાનના જોધપુર શહેરમાંથી ઝડપી પાડ્યો છે. પી.આઈ. એમ. ડી. સાળુંકેના નેતૃત્વમાં પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સની મદદથી નાગેશ્રી



પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા સાયબર ફ્રોડના ગુનામાં વોન્ટેડ સાજીદ મહમ્મદ અયુબ ભાટી (ઉંમર ૨૦)ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સમગ્ર કામગીરીમાં પોલીસ સ્ટાફ તથા આઈટી એક્સપર્ટ સપનાબેન ધરાજીયાએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.






**બે મહિલા સહિત ચાર લોકોએ ગાળો આપી મારી નાખવાની ધમકી આપી**

# અમરેલીના યુવકને ધારી ખોડીયાર બોલાવી રૂ. ૧ લાખ પડાવ્યા

અમરેલી, તા.૧૬

અમરેલીમાં પૂર્વ આયોજિત ગુનાહિત કાવતરું રચીને એક યુવકને ધારી ખોડીયાર ખાતે બોલાવી, ધાકધમકી આપી રૂ. ૧ લાખ પડાવી લેવાની ઘટના સામે આવી હતી. આ મામલે ભોગ બનનાર ફરિયાદકર્તાએ ચાર શખ્સો સામે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. નીલેશભાઈ વિઠ્ઠલભાઈ માળવી (ઉ.વ.૩૩)એ ધવલભાઈ મોદી, આરતી મોદી, રાહુલભાઈ તથા એક મહિલા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, આ કેસના તમામ આરોપીઓએ ભેગા મળીને એક કાવતરું ઘડ્યું હતું. જે અંતર્ગત આરોપી મોટરસાયકલ લઈને અમરેલી સંકુલ પાસે પહોંચ્યો હતો. તેણે તેમને જણાવ્યું હતું કે તેની એક માનતા હોવાથી તેણે ધારી ખોડીયાર જવાનું છે. ધારી ખોડીયાર પહોંચતા જ ત્યાં અગાઉથી અન્ય આરોપી હાજર હતા. તેમણે ફોન કરીને જણાવ્યું હતું કે, તમારી પત્ની મળી ગઈ છે, તમે તાત્કાલિક અહીં આવી જાવ. આ સાંભળતા જ ધવલ મોદી પણ ગણતરીની મિનિટોમાં ત્યાં દોડી આવ્યો હતો. ત્યાં પહોંચતાની સાથે જ ધવલ મોદીએ તેને લાફો ઝીંકી દીધો હતો. આ દરમિયાન પોતાની સંડોવણી છુપાવવા માટે મહિલાએ જૂઠું બોલતા કહ્યું કે, તેને બળજબરીપૂર્વક ધારી ખોડીયાર ખાતે લાવવામાં આવી છે. ચારેય આરોપીઓએ ભેગા મળીને તેમને બિભત્સ ગાળો ભાંડી હતી. આટલેથી ન અટકતા અચાનક છરી કાઢીને તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી ભયનો માહોલ ઊભો કર્યો હતો. મામલો થાળે પાડવા માટે આરોપીઓએ તેમની પાસે રૂ. ૩ લાખની માંગણી કરી હતી. જોકે, ફરિયાદીએ પોતાની પાસે આટલી મોટી રકમ ન હોવાનું કહેતા આખરે રૂ. ૧ લાખમાં સોદો નક્કી થયો હતો. આરોપીઓએ ડરાવી-ધમકાવીને તેમની પાસેથી બળજબરીપૂર્વક રૂ. ૧ લાખ કઢાવ્યા હતા અને ફરાર થઈ ગયા હતા.

# સાવરકુંડલામાં લગ્નના ૧૦ વર્ષ સુધી સંતાન ન થતાં પરિણીતાએ ઝેરી પાવડર પીતા મોત

સાવરકુંડલા, તા.૧૬

સાવરકુંડલામાં લગ્નના ૧૦ વર્ષ સુધી સંતાન ન થતાં પરિણીતાએ ઝેરી પાવડર પીધો હતો. જેના કારણે તેનું મોત થયું હતું. બનાવ અંગે કેતનભાઈ મહેન્દ્રભાઈ મારૂ (ઉ.વ.૩૮) એ જાહેર કર્યા મુજબ, તેમના પત્ની દક્ષાબેન કેતનભાઈ મારૂ (ઉ.વ.૩૮) લગ્નને ૧૦ વર્ષ જેટલો સમય થઈ ગયો હોવા છતાં કોઈ સંતાન થું નહોતું. દવા લેવા છતા સંતાન થતું નહોતું. જે વાતનું મનમાં લાગી આવતા ઘંઉમાં નાખવાનો પાવડર પી જવાથી મરણ પામ્યા હતા.






## :: કુલ મૂખત્યારનામાની નકલ ખોવાયા અંગેની જાહેર નોટીસ ::

આથી અમો એડવોકેટ અજય જે. રાઠોડ, રહે. અમરેલીવાળા આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, ડીસ્ટ્રીકટ અમરેલી સબ ડીસ્ટ્રીકટ-વ-તાલુકો ધારી તાબાબના ધારી ગામે સરદારનગર માં આવેલ રેવન્યુ સર્વે નંબર ૪૪૮ પૈકીના પ્લોટ નં. ૬૪ પૈકીની ઉતર તરફની કુલ ૧૧૧-૬૦ ચો. મી. વાળી મીલકત હાલ નિરૂબેન ચંદ્રકાંતભાઈ રાઠોડ, રહે. ધારીની માલીકી કબજા ભોગવટાની આવેલ છે, જેઓએ બેંક ઓફ બરોડામાંથી લોન મેળવવા માટેની કાર્યવાહી હાથ ઘરેલ છે.

આ ઉપરોકત મીલક્તના ઉતરોતર દસ્તાવેજ નં. ૩૬૩, તા. ૧/૫/૧૯૯૮ ના રોજ મહેશભાઈ જે. કાનાણી, પ્રમોદભાઈ પોપટભાઈ પટેલ તથા બાબુભાઈ ભાણાભાઈ ના કુલમુખત્યાર નુરૂદીનભાઈ અબ્દુલરહેમાનભાઈ એ પટેલ ભારતીબેન ગોપાભાઈ તારપરાને વેચાણે આપેલ છે. આ કુલ મુખત્યારનામાની નકલ જે તે સમયે ઉપરોકત જે તે માલીકને આપવામાં આવેલ હતી પરંતુ તેનાથી તેની નકલ ક્યાંક ખોવાઈ ગયેલ છે, તેવી માહીતી અમોને આપેલ છે, જેથી ઉપરોકત કુલ મુખત્યારનામાની નકલ જો કોઈને મળેલ હોય કે મળે તો તેમણે નીચે જણાવેલ સરનામે દિન - ૭ માં જાણ કરવા અગર પંહોચતી કરવા આથી જાણ કરવામાં આવે છે. આ ઉપરાંત મીલકતની માલીકી બાબતેના ટાઈટલ બાબતે કોઈને પણ કોઈ પણ પ્રકારનો હકક હીત સંબધ હોય તો તે હકક-હીત સંબર્ધના જરૂરી આધાર પુરાવાઓ અમારી પાસે દિન-૭ ની અંદર અમારા નીચેના સરનામે રજુ કરશો. આ ઉપરોકત મીલક્ત સંબધે કોઈ પણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પણ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ પણ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકાર કે પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ માં અમારો નીચેના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહી કરવામાં આવે તો આ ઉપરોકત મીલકત ટાઈટલ કલીયર છે તેવુ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે, ત્યારબાદ કોઈ પણનો વાંધો વચકો કે તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૧૬/૦૭/૨૦૨૪
અમરેલી.

**અજય જે. રાઠોડ,**
**એડવોકેટ,**
**જુના માર્કટયાર્ડ, પહેલા માળે,**
**હરીરામ હોલસેલ માર્કેટ, કોગ્રેસ કાર્યાલયની સામે,**
**અમરેલી. મો.નં.૯૮૨૪૯ ૩૦૩૧૬**

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ કેસ નં.૧૩૫/૨૦૨૬

અરજદાર : ગુજરીયા બટુકભાઈ લખમણભાઈ
સરનામુ : રે. વારાહસ્વરૂપ તા.જાફરાબાદ જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા : જન્મ - મરણ નોંધણી અધિકારી
- વ -
તલાટી કમ મંત્રીશ્રી - વારાહસ્વરૂપ
તા.જાફરાબાદ જી.અમરેલી

### નોટીસ

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વારાહસ્વરૂપ** ગામના **શ્રી ગુજરીયા બટુકભાઈ લખમણભાઈ** એ તેમના **પુત્ર નામે શ્રી ગુજરીયા ઉમેશ બટુકભાઈ નો** જન્મ તા.૧૯/૦૪/૨૦૦૭ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.આર.મહિડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૨ માહે. જુન સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૧૨/૦૬/૨૦૨૬**

(કોર્ટનો સિક્કો)

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ કેસ નં.૧૫૨/૨૦૨૬

અરજદાર : મન્સુરી હલુબેન દાઉદભાઈ
સરનામુ : રે.વઢેરા તા.જાફરાબાદ જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા : જન્મ - મરણ નોંધણી અધિકારી
- વ -
તલાટી કમ મંત્રીશ્રી - વઢેરા
તા.જાફરાબાદ જી.અમરેલી

### નોટીસ

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વઢેરા** ગામના **શ્રી મન્સુરી હલુબેન દાઉદભાઈ** એ તેમના **પુત્ર નામે શ્રી મન્સુરી રમજુભાઈ દાઉદભાઈ નો** જન્મ તા.૨૧/૦૪/૧૯૭૮ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.આર.મહિડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૨ માહે. જુન સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૧૨/૦૬/૨૦૨૬**

(કોર્ટનો સિક્કો)

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ કેસ નં.૧૩૬/૨૦૨૬

અરજદાર : ચાવડા રમેશભાઈ કડવાભાઈ
સરનામુ : રે.ભાંકોદર તા.જાફરાબાદ જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા : જન્મ - મરણ નોંધણી અધિકારી
- વ -
તલાટી કમ મંત્રીશ્રી - ભાંકોદર
તા.જાફરાબાદ જી.અમરેલી

### નોટીસ

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ભાંકોદર** ગામના **શ્રી ચાવડા રમેશભાઈ કડવાભાઈ** એ તેમના **પુત્રી નામે શ્રી ચાવડા આશાબેન રમેશભાઈ નો** તા.૨૨/૦૭/૨૦૦૦ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.આર.મહિડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૨ માહે. જુન સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૧૨/૦૬/૨૦૨૬**

(કોર્ટનો સિક્કો)

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

# બગસરાને હરીયાળુ બનાવવા ચાર મિત્રો દ્વારા ૮૦૦થી વધુ રોપાનું વિતરણ

**લોકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવાનો પ્રયાસ કરાયો**




બગસરા,તા.૧૬

બગસરા શહેરને ગ્રીન બગસરા બનાવવાના ઉદેશ્યથી ચાર મિત્રો વિશાલ સોલંકી, હેમાંગ દોશી, મોહિત મસરાણી અને કેતન શેખડા દ્વારા શહેરમાં વિનામૂલ્યે વૃક્ષોના રોપાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ અભિયાન હેઠળ ૮૦૦ કરતાં વધારે રોપાઓ લોકો સુધી પહોંચાડવામાં આવ્યા હતા. સાથે સાથે દરેક વ્યક્તિએ વૃક્ષોનું જતન કરે અને તેનું સંરક્ષણ કરે તેવો સંકલ્પ પણ લેવડાવવામાં આવ્યો હતો. કેમ છો બગસરા નામના સોશિયલ મીડિયા ગ્રુપ દ્વારા આ નવતર પ્રયાસ હાથ ધરાયો હતો. આજકાલ વૃક્ષોનું સતત નિષ્કદન થતુ હોવાથી લોકોમાં જાગૃતિ આવે તે હેતુથી આ કાર્યક્રમ યોજાયો હતો.

# રાજુલા તાલુકાના પીપાવાવધામમાં અપંગ પત્નીને ઘરમાંથી કાઢી મૂકી

રાજુલા, તા.૧૬

રાજુલા તાલુકાના પીપાવાવધામમાં અપંગ પત્નીએ પોતાના બાળકોના જીવનનિર્વાહ માટે પતિ પાસે પૈસાની માંગણી કરતા, પતિ અને સાસુએ અમાનુષી ત્રાસ ગુજાર્યો હતો. પતિને અન્ય સ્ત્રી સાથે પ્રેમસંબંધ હોવાથી પત્નીને ઘરમાંથી હાંકી કાઢી, માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાતા ચકચાર મચી ગઈ હતી. હાલ વિકટર ગામે રહેતા ચંપાબેન મુકેશભાઈ મકવાણા (ઉ.વ.૪૧) એ પીપાવાવધામમાં રહેતા પતિ મુકેશભાઈ ગીગાભાઈ મકવાણા, સાસુ શાંતુબેન ગીગાભાઈ મકવાણા તથા મહુવાના રૂપલબેન સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ શારીરિક રીતે અપંગ છે. તેઓ પોતાના માસૂમ બાળકોના ભરણપોષણ અને જીવનનિર્વાહ માટે પતિ પાસે ઘરખર્ચના પૈસા માંગતા હતા. જોકે, આ બાબત તેના પતિ અને સાસુને બિલકુલ પસંદ પડી ન હતી. આથી તેઓએ મહિલાને અપંગતા બાબતે અને ઘરકામ મુદ્દે અવારનવાર મેણા-ટોણા મારવાનું શરૂ કર્યું હતું. તેના પતિને મહુવાની રૂપલબેન નામની સ્ત્રી સાથે પ્રેમસંબંધ હતો. પતિ આ બીજી સ્ત્રીને પોતાના ઘરમાં લાવવા માંગતો હતો. આ ષડયંત્રના ભાગરૂપે જ પતિ અને સાસુએ ફરિયાદી મહિલાને શારીરિક અને માનસિક દુઃખ-ત્રાસ આપી, યુક્તિ-પ્રયુક્તિ પૂર્વક ડરાવી-ધમકાવીને તેના પિયર કાઢી મૂકી હતી. ઉપરાંત પતિએ પત્નીને જાહેરમાં જેમ ફાવે તેમ ગાળો ભાંડી હતી અને ઢોર માર માર્યો હતો. એટલું જ નહીં, જો તે ફરી ઘરમાં પગ મૂકશે તો તેને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

# ચાંચ બંદરમાં પરિણીતા પર ચારિત્ર્યહિનતો આરોપ મૂકી પતિને મારવાની ધમકી આપી

રાજુલા, તા.૧૬

રાજુલાના ચાંચ બંદરમાં પરિણીતા પર ચારિત્ર્યહિનતો આળ મૂકી પતિને મારવાની ધમકી આપી હતી. આ અંગે આશાબેન ચંદુભાઈ શિયાળા (ઉ.વ.૨૫)એ અજાણ્યા મોબાઈલ ધારક સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમને અજાણ્યા મોબાઈલ ધારકે ફોન કરેલો અને કહ્યું કે, આશાબેન બોલો છો. તેથી તેમણે કહેલ કે હા, હું આશાબેન બોલુ છુ. બાદ તેણે ફોન કાપી નાખ્યો હતો અને થોડીવાર પછી બીજી વખત તેનો ફોન આવતા તેમણે તેમનો મોબાઈલ ફોન સ્વિચ ઓફ કરી દીધો હતો. બાદ સાંજના આશરે સાતેક વાગ્યે આ તેના પતિએ ફોન કરતા તેના પતિને ફોનમાં ગાળો આપી હતી. તેમજ તેના પર ચારિત્રહીનતાની આળ મુકી ખોટી વાતો કરી તેના પતિને માર મારવાની ધમકી આપી હતી.

# દામનગર ખાતે નરેશભાઈ પટેલના જન્મદિન નિમિતે રક્તદાન કેમ્પ યોજાયો

અમરેલી,તા.૧૬

દામનગર ખાતે પરમાર્થ નિઃશુલ્ક કન્યા છાત્રાલયમાં પ્રથમ વાલી મીટીંગનું આયોજન કરવામાં આવ્યુ હતુ. મીટીંગનો મુખ્ય ઉદેશ દીકરીઓના શિક્ષણ, સંસ્કાર અને સર્વાંગી વિકાસ અંગે વાલીઓ સાથે ચર્ચા કરવાનો હતો. કાર્યક્રમ દરમિયાન દીકરીઓના ભવિષ્યને વધુ ઉજ્જવળ બનાવવા માટે વિવિધ બાબતો ઉપર વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો.




વાલીઓએ પણ પોતાના સુચનો અને અભિપ્રાયો રજૂ કર્યા હતા. આ અવસરે ખોડલધામના સ્થાપક નરેશભાઈ પટેલના ૬૧મા જન્મદિવસ નિમિત્તે રક્તદાન કેમ્પનું પણ આયોજન કરાયુ હતુ. કેમ્પમાં મોટી સંખ્યામાં રક્તદાતાઓ જોડાયા હતા અને કુલ ૬૧ બોટલ રક્ત એકત્રિત થયુ હતુ. આયોજકો દ્વારા જણાવાયુ કે સમાજ સેવા અને માનવતાના હિત માટે આવા કાર્યક્રમો આગળ પણ યોજાતા રહેશે.

# અમરેલીમાં જામીન પર મુક્ત થયેલા યુવક પર છરીથી જીવલેણ હુમલો

અમરેલી, તા.૧૬

અમરેલીમાં જામીન પર મુક્ત થયેલા યુવક પર છરીથી જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. બનાવ અંગે સત્યદીપસિંહ પદુભા સરવૈયા (ઉ.વ.૩૮) એ ઉદય રાજેશ ઉર્ફે ગટો પંડ્યા તથા એક અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, આરોપી ઉદય પંડ્યાના પિતાના થયેલ ખુન બાબતે તેઓ હાઈકોર્ટમાંથી જામીન મુકત થયા હતા. જેનુ મનદુઃખ રાખી આરોપી ઉદય રાજેશ ઉર્ફે ગટો પંડ્યા તથા એક અજાણ્યા માણસ દ્વારા તેમને પાઈપ વડે વાંસાના ભાગે માર માર્યો હતો. તેઓ ભાગવા જતા પડી ગયેલ ત્યારે અજાણ્યા ઈસમે તેના બન્ને હાથ પકડી લીધા હતા અને ઉદય પંડયાએ છરી વડે જાનથી મારી નાખવાના ઈરાદે જમણા હાથ, કપાળ ઉપર તથા જમણી આંખ ઉપર છરી મારી દઈ ગંભીર ઈજાઓ પહોચાડી જીવલેણ હુમલો કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# અમરેલી ખાતે ધ અમરેલી પોસ્ટલ કો-ઓપરેટીવ સોસાયટી લિ.ની ૫૧મી સાધારણ સભા મળી

અમરેલી,તા.૧૬

અમરેલી ખાતે ધ અમરેલી પોસ્ટલ કો-ઓપરેટીવ સોસાયટી લિ.ની ૫૧મી સાધારણ સભા આર.કે. હોલ, કેરિયા રોડ પર ઉત્સાહભેર યોજાઈ હતી. સભામાં પોસ્ટલ વિભાગના મોટી સંખ્યામાં કર્મચારીઓ તેમજ સોસાયટીના સભાસદો હાજર રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સોસાયટીનો વાર્ષિક અહેવાલ અને હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા જેને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. સોસાયટીના વિકાસ, સભ્યોના હિત અને આગામી આયોજન અંગે ચર્ચાઓ કરવામાં આવી હતી તેમજ સભ્યો દ્વારા વિવિધ સૂચનો પણ રજૂ કરાયા હતા. સભામાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બિનહરીફ ચૂંટણી યોજાઈ હતી. જેમાં શિવરાજભાઈ ગીડા ચેરમેન, ધનજીભાઈ મકવાણા ઉપપ્રમુખ, હિતેશભાઈ ત્રિવેદી મંત્રી (સેક્રેટરી) અને ગૌરાંગભાઈ ચૌહાણ ટ્રેઝરર તરીકે સર્વાનુમતે વરણી પામ્યા હતા. અન્ય કારોબારી સભ્યોની પણ બિનહરીફ પસંદગી કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન નિવૃત્ત સભાસદોનું શાલ ઓઢાડી અને સ્મૃતિચિહ્ન આપી સન્માન કરાયું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રફુલ્લભાઈ ધંધુકિયા દ્વારા કરવામાં આવ્યું હતું. પરેશકુમાર એમ. મહેતાએ આ માહિતી આપી હતી.

# દડવા-રાંદલ ગામના ઈસમને બળાત્કારના કેસમાં ફીટ કરવાની ધમકી આપી ખંડણી માગી

વડિયા, તા.૧૬

દડવા (રાંદલ) ગામના એક પુરુષને રસ્તામાં લિફ્ટ આપવી ભારે પડી હતી. લાઠી ભવાની સર્કલ પાસેથી એક મહિલા સહિત પાંચ શખ્સોના ટોળકીએ પૂર્વ આયોજિત કાવતરું રચી, પુરુષનું અપહરણ કરી, બળાત્કારના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી રૂ. ૨.૫૦ લાખની ખંડણી માંગી હતી. આ ટોળકીએ પુરુષ પાસેથી ઓનલાઈન રૂ. ૫૮,૦૦૦ બળજબરીપૂર્વક પડાવી લીધા હોવાની ચોંકાવનારી ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ હતી. દડવા ગામના વિઠ્ઠલભાઈ ખોડાભાઈ ટાઢાણી ઉ.વ.૪૩) પોતાના મોટરસાયકલ પર દામનગર ખાતે રહેતી તેમની દીકરીની તબીયત પૂછવા જઈ રહ્યા હતા. આ દરમિયાન તેઓ લાઠી ભવાની સર્કલ પાસે પહોંચતા જ ત્યાં ઉભેલી એક મહિલા આરોપીએ હાથ ઊંચો કરી બાઈક ઊભું રખાવ્યું હતું અને ભુરખીયા સુધીની લિફ્ટ માંગી હતી. તેમણે દયાવશ થઈને મહિલાને બાઈક પર પાછળ બેસાડી ભુરખીયા તરફ રવાના થયા હતા. ભુરખીયા ગામના ગેટ પાસે પહોંચતા જ મહિલાએ સરોવર પાસે ફોટા પાડવાનું બહાનુ ધરીને બાઈક ઊભું રખાવ્યું હતું. બાઈક ઊભું રહેતાની સાથે જ પૂર્વ આયોજિત ષડયંત્ર મુજબ, અન્ય ચાર આરોપીઓ કાર લઈને ધસી આવ્યા હતા. કારને બાઈક આડી ઊભી રાખી રસ્તો રોકી લીધો હતો અને ચારેય શખ્સો નીચે ઉતર્યા હતા. આરોપીઓએ તેમને ધમકાવતા કહ્યું કે, તેં આ બેનને મોટરસાયકલ પર કેમ બેસાડી છે? તેમ કહી તેમનો હાથ પકડી બળજબરીપૂર્વક કારમાં બેસાડી અપહરણ કરી લીધું હતું. કારની અંદર બે આરોપીઓએ તેમને ઢીકાપાટુનો માર માર્યો હતો અને ધમકી આપી હતી કે, તને બળાત્કારના કેસમાં ફસાવી આખી જિંદગી જેલમાં સડાવી દઈશું અને સમાજમાં બદનામ કરી જાનથી મારી નાખીશું. બદનામી અને મોતના ડરના કારણે તેઓ ગભરાઈ ગયા હતા. આરોપીઓએ મામલો થાળે પાડવા રૂ. ૨.૫૦ લાખની ખંડણી માંગી હતી. જોકે, આધેડ પાસે એટલી રકમ ન હોવાથી અંતે આરોપીઓએ ફરિયાદીના મોબાઈલમાંથી ગુગલ પે એપ્લિકેશન ખોલાવી રૂ. ૫૮૦૦૦ બળજબરીપૂર્વક ટ્રાન્સફર કરાવી લીધા હતા. પોલીસે કારના નંબરના આધારે મહિલા સહિત પાંચેય આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.લાઠી પોલીસ સ્ટેશનના પી આઈ એમ બી ઔસુરા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ ત્રીજ, ચોથ
તા.૧૭-૦૭-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૩૦,
સૂર્યાસ્ત-૦૭:૨૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ માઘ અષાઢ

## દૈનિક રાશિફળ

તા. ૧૭-૦૭-૨૦૨૬ શુક્રવાર

મેષઃ આજનો દિવસ તમારા માટે સુખદ રહેશે કેમ કે આજે તમે વિચારેલા કાર્ય પૂર્ણ થઇ શકે છે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિની સંભાવના રહેલી છે.

વૃષભઃ આજનો દિવસ તમારા માટે થોડો વ્યસ્ત રહેશે. પરંતુ સારા પરિણામ મળવાથી થાકનો અનુભવ નહીં થાય.

મિથુનઃ આજનો તમારો દિવસ મિશ્ર ફળદાયક છે. પ્રત્યેક મામલામાં મિશ્ર પરિણામો મળશે. ધર્મ-કર્મ પ્રત્યે આસ્થા વધશે.

કર્કઃ આજે ગ્રહોની દશા તમારા દિવસને અનુકૂળ બનાવી રહી છે. સુખ-સંપત્તિમાં વિસ્તાર થશે. પરિવારમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે.

સિંહઃ આજ કાર્યક્ષેત્રમાં વધારાની જવાબદારી અને ધાર્મિક કાર્યોમાં વ્યસ્તતા વધશે. સંપત્તિનો વિસ્તાર થશે અને આવકમાં વૃદ્ધિ થશે.

કન્યાઃ આજનો દિવસ તમારા કાર્યક્ષેત્રમાં મુશ્કેલી ભરેલો હોઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મુશ્કેલી અને મહેનત વધારે રહેશે.

તુલાઃ ગ્રહોની સ્થિતિથી ખ્યાલ આવી રહ્યો છે કે આજનો દિવસ કાર્યક્ષેત્રમાં ઘણો વ્યસ્તતા ભરેલો રહેશે. આવકમાં વૃદ્ધી થશે.

વૃશ્ચિકઃ આજનો દિવસ તમારા માટે ઘણો કઠીન રહેશે. પ્રત્યેક કામમાં પડકારો અને અડચણો આવી શકે છે.

ધનઃ આજે ગ્રહો જણાવી રહ્યા છે કે આજે તમારા ઘરમાં કોઈ શુભ કાર્યના આયોજનથી મનમાં પ્રસન્નતા અને વ્યસ્તતા રહેશે.

મકરઃ આજે તમારા ભાગ્યનો ઉદય, ધન, ક્રમ, કીર્તિની વૃદ્ધિ, શત્રુ ચિંતાઓનું દમન થશે. હર્ષ મંગળમય પરિવર્તન અને મનોરથ સિદ્ધ થવાથી પ્રસન્નતા રહેશે.

કુંભઃ આજનો દિવસ તમારા માટે દૈવી કૃપાવાળો બની શકે છે. માતાનું સાનિધ્ય અને આશિર્વાદ ખાસ રીતે ફળદાયી રહેશે.

મીનઃ આજનો દિવસ શુભ રહેશે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિનો યોગ બની શકે છે. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે.

# અમરેલીના શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં પ્રથમ વાલી સંમેલન યોજાયું

અમરેલી,તા.૧૬

અમરેલીમાં 'શ્રીજી વિદ્યાર્થી ભુવન' ખાતે ચાલુ શૈક્ષણિક સત્રની સર્વપ્રથમ વાલી મીટિંગનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં વિદ્યાર્થીઓના વાલીઓ ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસિયાએ વાલીઓને સંબોધિત કર્યા હતા. તેમણે બાળકોના સર્વાંગી જીવન વિકાસમાં છાત્રાલય (હોસ્ટેલ) જીવનના મહત્વ પર વિશેષ ભાર મૂક્યો



હતો. વાલીઓને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે, અમારી સંસ્થા વિદ્યાર્થીઓ માટે 'ઘરથી દૂર એક ઘર' સમાન છે. અહીં બાળકોના રહેણાંક, કપડાની સફાઈ અને પૌષ્ટિક ભોજનની સુટેવો કેળવાય તે માટે સંસ્થાનો સ્ટાફ સતત જાગૃત રહીને કામ કરે છે. 'વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, સંસ્થામાં દરેક વિદ્યાર્થી સાથે આત્મીય વ્યવહાર રાખવામાં આવે છે, જેથી બાળકોમાં પરસ્પર કુટુંબ ભાવના અને ઉચ્ચ સંસ્કારોનું સિંચન થઈ શકે.

આ શૈક્ષણિક ગોષ્ઠિ દરમિયાન સંસ્થાના શિક્ષકગણ દ્વારા તમામ વિદ્યાર્થીઓનો પ્રોગ્રેસ રિપોર્ટ વાલીઓ સમક્ષ વિસ્તૃત રીતે રજૂ કરવામાં આવ્યો હતો. આગામી સમયમાં વિદ્યાર્થીઓ શૈક્ષણિક ક્ષેત્રે વધુ ઉત્કૃષ્ટ પરિણામ મેળવી શકે તે માટેના આગવા આયોજન અંગે પણ વાલીઓ સાથે સકારાત્મક ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

# સાવરકુંડલા-મંડોર બસને દામનગર માર્ગે ચલાવવાની માંગ તેજ

**આ રૂટ પર મુસાફરોને ટ્રાફિક મળવાની સંભાવના વધુ**

દામનગર,તા.૧૬

સાવરકુંડલા ડેપોની સાવરકુંડલા-મંડોર એક્સપ્રેસ બસ હાલ અમરેલી, લાઠી, ઢસા ચોકડી, ગઢડા, બોટાદ, સાળંગપુર, બરવાળા, ધંધુકા, ફેદરા, આણંદ, ડાકોર, સેવાલિયા, ગોધરા, સંતરોડ અને દાહોદ થઈને મંડોર પહોંચે છે. આ બસ તેમજ મંદોર- સાવરકુંડલા રૂટની પરત ફરતી બસને લાઠીથી દામનગર થઈને ઢસા ચોકડી માર્ગે ચલાવવાની માંગ ઉઠી છે. આ ફેરફારથી દામનગર વિસ્તારના મુસાફરોને દેવસ્થાનોના દર્શન, સામાજિક પ્રસંગો અને વેપાર-ધંધા માટે વધુ અનુકૂળતા મળશે. અમરેલી અને દાહોદ વિભાગના એસ.ટી. અધિકારીઓ આ લોકહિતની માંગને ધ્યાનમાં લઈને યોગ્ય નિર્ણય કરે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

# અમરેલીના ભંડારીયા ગામે વાડીએથી ૨૦૦ ફૂટ કેબલની ચોરી

અમરેલી, તા.૧૬

અમરેલીના ભંડારીયા ગામે વાડીએથી ૨૦૦ ફૂટ કેબલની ચોરી થઈ હતી. મધુભાઈ રવજીભાઈ ડાભી (ઉ.વ.૪૮)એ જાહેર કર્યા મુજબ, કોઈ અજાણ્યો માણસ અમરેલી-બગસરા હાઈવે રોડ ઉપર બાબાપુરના બસ સ્ટોપ(પાટીયા) પાસે આવેલી વાડીએથી ખુલ્લામાં પાથરેલો આશરે ૨૦૦ ફુટ ઈલેક્ટ્રિક કેબલ ચોરીને ફરાર થઈ ગયો હતો. તેની કિંમત રૂ. ૯૦૦૦ જાહેર થઈ હતી.

# લાઠીના કેરાળા ગામે સર્પદંશથી કિશોરનું સારવારમાં મોત

લાઠી, તા.૧૬

લાઠીના કેરાળા ગામે સર્પદંશથી કિશોરનું સારવારમાં મોત થયું હતું. મૂળ મધ્ય પ્રદેશના અલીરાજપુરના જોબટના અને હાલ કેરાળા ગામે વાડીએ રહેતા નરૂભાઈ સોહરાબસિંગ બામનીયા (ઉ.વ.૪૫)એ જાહેર કર્યા મુજબ, રતનભાઈ નરુભાઈ બામનીયા (ઉ.વ.૧૬)ને જમણા ખભાના ભાગે ઝેરી સાપ કરડી જતા સારવાર દરમ્યાન મરણ પામ્યા હતા.

# મુખ્યમંત્રીના જન્મદિવસે અમરેલીમાં વૃક્ષારોપણ કરીને અનોખી ઉજવણી

**પર્યાવરણનું સંરક્ષણ, હરિયાળી વધારવા અને લોકોને વૃક્ષારોપણ માટે પ્રેરિત કરવા**

અમરેલી,તા.૧૬

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે અમરેલી નગરપાલિકાના વોર્ડ નં. ૩ના સદસ્યો અને ગૌરવભાઈ



મહેતાના સહયોગથી વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનો હેતુ પર્યાવરણનું સંરક્ષણ, હરિયાળી વધારવા અને લોકોને વૃક્ષારોપણ માટે પ્રેરિત કરવાનો હતો. આ પ્રસંગે નગરપાલિકા સદસ્ય નિખિલભાઈ આશર, દેવરાજભાઈ બાબરિયા, સમીરભાઈ જાની, પ્રવીણભાઈ બારૈયા, રોહિતભાઈ રાઠોડ, તુલશીભાઈ મકવાણા, આરતીબેન અટારા અને જયાબેન બારૈયા ઉપસ્થિત રહ્યા હતા.

**તંત્રી લેખ**

# ગુજરાત હવે સેમિકન્ડક્ટરનું વૈશ્વિક હબ

ભારત આજે ટેક્નોલોજીના નવા યુગમાં આત્મવિશ્વાસ સાથે આગળ વધી રહ્યું છે અને આ પરિવર્તનના કેન્દ્રમાં ગુજરાતનું નામ ઝડપથી ઊભરી રહ્યું છે. ખાસ કરીને ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન (SIR) અને સાણંદ આજે માત્ર ઔદ્યોગિક વિકાસના કેન્દ્રો જ નથી રહ્યા, પરંતુ તેઓ ભારતના સેમિકન્ડક્ટર ઉદ્યોગના મહત્વપૂર્ણ હબ તરીકે વિકસી રહ્યા છે. વિશ્વભરમાં સેમિકન્ડક્ટર ચિપ્સની વધતી માંગને ધ્યાનમાં રાખીને ભારતે આત્મનિર્ભરતા તરફ મક્કમ પગલાં ભર્યાં છે, જેમાં ગુજરાત અગ્રણી ભૂમિકા ભજવી રહ્યું છે. ધોલેરામાં વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વિશાળ ઔદ્યોગિક જમીન, વિશ્વસનીય વીજ પુરવઠો, આધુનિક માર્ગ વ્યવસ્થા, બંદર અને એરપોર્ટ સાથેનું ઉત્તમ જોડાણ રોકાણકારોને આકર્ષી રહ્યું છે. સ્માર્ટ સિટી તરીકે વિકસાવવામાં આવી રહેલું ધોલેરા ભવિષ્યના ઉચ્ચ ટેક્નોલોજી ઉદ્યોગો માટે અનુકૂળ માહોલ પૂરું પાડે છે. બીજી તરફ, સાણંદ પહેલેથી જ ઓટોમોબાઈલ અને ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગનું મજબૂત કેન્દ્ર બની ચૂક્યું છે અને હવે સેમિકન્ડક્ટર ઉત્પાદન ક્ષેત્રે પણ પોતાની નવી ઓળખ બનાવી રહ્યું છે. આજના સમયમાં સેમિકન્ડક્ટર માત્ર એક ઉદ્યોગ પૂરતું મર્યાદિત નથી. સ્માર્ટફોન, કમ્પ્યુટર, ઈલેક્ટ્રિક વાહનો, મેડિકલ સાધનો, કૃત્રિમ બુધ્ધિમત્તા (AI), અવકાશ સંશોધન અને રક્ષણ ક્ષેત્ર સહિત લગભગ દરેક આધુનિક ટેક્નોલોજીનું મૂળ સેમિકન્ડક્ટર ચિપ્સ પર આધારિત છે. તેથી આ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા કોઈપણ દેશ માટે વ્યૂહાત્મક અને આર્થિક રીતે અત્યંત મહત્વપૂર્ણ બની ગઈ છે. કેન્દ્ર સરકારે સેમિકન્ડક્ટર ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે વિવિધ નીતિઓ અને પ્રોત્સાહક યોજનાઓ અમલમાં મૂકી છે. ઝડપી મંજૂરી પ્રક્રિયા, આર્થિક સહાય, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઉદ્યોગમિત્ર નીતિઓને કારણે ભારત વૈશ્વિક રોકાણકારો માટે આકર્ષક સ્થળ બન્યું છે. ગુજરાતે પોતાની કાર્યક્ષમ વહીવટી વ્યવસ્થા અને ઝડપી નિર્ણયક્ષમતાના કારણે આ ક્ષેત્રમાં વિશેષ સ્થાન પ્રાપ્ત કર્યું છે. સેમિકન્ડક્ટર ઉદ્યોગના વિકાસથી દેશના યુવાનો માટે રોજગારીની નવી તકો ઊભી થશે. ઈજનેરો ઉપરાંત ટેક્નિશિયન, મશીન ઓપરેટરો, ગુણવત્તા નિષ્ણાતો, સંશોધકો અને અન્ય કુશળ માનવબળની માંગમાં નોંધપાત્ર વધારો થશે. સાથે જ, ઈજનેરી અને ટેક્નિકલ સંસ્થાઓમાં સેમિકન્ડક્ટર સંબંધિત અભ્યાસક્રમો વધુ મજબૂત બનશે અને ઉદ્યોગ, શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે સંશોધન આધારિત સહયોગ પણ વધશે. આ ઉદ્યોગનો લાભ માત્ર મોટા કારખાનાઓ સુધી મર્યાદિત રહેશે નહીં. પરિવહન, લોજિસ્ટિક્સ, હાઉસિંગ, આરોગ્ય, શિક્ષણ, હોટેલ અને સેવા ક્ષેત્ર સહિત અનેક સહાયક ઉદ્યોગોને પણ વિકાસની નવી તકો મળશે. પરિણામે સમગ્ર પ્રદેશની અર્થવ્યવસ્થા મજબૂત બનશે અને સ્થાનિક વેપારીઓ તથા યુવાનોને પણ સીધો લાભ મળશે. નિશ્ચિતપણે સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં સફળતા મેળવવા માટે ઉચ્ચ ગુણવત્તા, સતત સંશોધન, કુશળ માનવબળ અને વૈશ્વિક ધોરણોનું પાલન અનિવાર્ય છે. છતાં, છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતે ડિજિટલ ટેક્નોલોજી, ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન અને સ્ટાર્ટઅપ ક્ષેત્રે જે પ્રગતિ હાંસલ કરી છે, તે જોતા આ ક્ષેત્રમાં પણ દેશ નોંધપાત્ર સફળતા મેળવશે તેવી આશા મજબૂત બની છે. ગુજરાત આજે માત્ર એક ઔદ્યોગિક રાજ્ય નથી, પરંતુ ભારતના ટેક્નોલોજી આધારિત વિકાસનું મહત્વપૂર્ણ કેન્દ્ર બની રહ્યું છે. ધોલેરા અને સાણંદમાં વિકસતી સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ આવનારા દાયકામાં ભારતની આર્થિક પ્રગતિને નવી દિશા આપશે.

# વૈશ્વિક જળસંકટ: માનવજાત સામેનો સૌથી મોટો પડકાર

પૃથ્વીને ''નીલ ગ્રહ'' તરીકે ઓળખવામાં આવે છે, કારણ કે તેની સપાટીનો લગભગ ૭૧ ટકા ભાગ પાણીથી આવરાયેલો છે. છતાં પણ માનવજાત આજે પીવાના શુધ્ધ પાણીના ગંભીર અભાવનો સામનો કરી રહી છે. વિશ્વના અનેક દેશોમાં પાણી હવે માત્ર કુદરતી સંસાધન પૂરતું રહ્યું નથી, પરંતુ આર્થિક વિકાસ, જાહેર આરોગ્ય, કૃષિ, ઉદ્યોગ અને આંતરરાષ્ટ્રીય સંબંધો માટેનું સૌથી મહત્વપૂર્ણ વ્યૂહાત્મક સાધન બની ગયું છે. આબોહવા પરિવર્તન, વધતી વસ્તી, અનિયંત્રિત શહેરીકરણ, ભૂગર્ભજળનો અતિશય ઉપયોગ અને પાણીના પ્રદૂષણને કારણે વૈશ્વિક જળસંકટ દિવસેને દિવસે વધુ ગંભીર બનતું જાય છે. વિશ્વના અગ્રણી વૈજ્ઞાનિકો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સતત ચેતવણી આપી રહી છે કે જો સમયસર અસરકારક પગલાં લેવામાં નહીં આવે, તો આવનારા દાયકાઓમાં પાણી માટેના સંઘર્ષો વધુ વધી શકે છે. તાજેતરના વર્ષોમાં યુરોપ, અમેરિકા, આફ્રિકા અને એશિયાના અનેક વિસ્તારોમાં અસામાન્ય ગરમી, લાંબા દુષ્કાળ અને વરસાદના બદલાયેલા ચક્રને કારણે નદીઓ, તળાવો અને જળાશયોમાં પાણીનું સ્તર નોંધપાત્ર રીતે ઘટ્યું છે. બીજી તરફ કેટલાક પ્રદેશોમાં અતિવૃષ્ટિ અને પૂરની સ્થિતિ સર્જાય છે, પરંતુ તે પાણીનો લાંબા ગાળાનો સંગ્રહ થઈ શકતો નથી. પરિણામે એક તરફ વિનાશક પૂર અને બીજી તરફ પીવાના પાણીની અછત જેવી વિપરીત પરિસ્થિતિઓ એકસાથે જોવા મળે છે. આ પરિસ્થિતિ દર્શાવે છે કે જળવ્યવસ્થાપનની વર્તમાન પદ્ધતિઓમાં મૂળભૂત સુધારા કરવાની તાતી જરૂરિયાત છે. સંયુક્ત રાષ્ટ્ર સહિતની અનેક વૈશ્વિક સંસ્થાઓના અહેવાલો મુજબ વિશ્વના અબજો લોકો વર્ષના કેટલાક મહિનાઓ દરમિયાન ગંભીર પાણીની અછતનો અનુભવ કરે છે. કરોડો લોકોને હજુ પણ શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ નથી, જ્યારે સ્વચ્છતા અને ગંદાપાણીના યોગ્ય નિકાલના અભાવે અનેક ચેપી રોગો ફેલાય છે. તેથી પાણીનો પ્રશ્ન હવે માત્ર પર્યાવરણનો મુદ્દો રહ્યો નથી, પરંતુ આરોગ્ય, ગરીબી, શિક્ષણ અને માનવ વિકાસ સાથે સીધો સંબંધ ધરાવતો વૈશ્વિક પડકાર બની ગયો છે. કૃષિ ક્ષેત્રમાં જળસંકટની અસર સૌથી વધુ જોવા મળે છે. વિશ્વમાં ઉપલબ્ધ મીઠા પાણીનો મોટો હિસ્સો ખેતી માટે વપરાય છે. અનિયમિત વરસાદ, ભૂગર્ભજળના અતિશય શોષણ અને પરંપરાગત સિંચાઈ પધ્ધતિઓને કારણે અનેક દેશોમાં ખેતી વધુ ખર્ચાળ અને જોખમી બની રહી છે. જો પાણીનો કાર્યક્ષમ અને વૈજ્ઞાનિક રીતે ઉપયોગ કરવામાં નહીં આવે, તો ભવિષ્યમાં ખાદ્ય સુરક્ષા પર ગંભીર અસર પડી શકે છે. તેથી ટપક સિંચાઈ, સ્પ્રિંકલર સિસ્ટમ, વરસાદી પાણીનો સંગ્રહ અને પાણી બચાવતી ખેતી પદ્ધતિઓને વ્યાપક પ્રોત્સાહન આપવાની જરૂર છે. આ ઉપરાંત ખેડૂતોમાં પાણીના કાર્યક્ષમ ઉપયોગ અંગે જાગૃતિ લાવવી પણ એટલી જ આવશ્યક છે. શહેરોમાં જળસંકટનું સ્વરૂપ અલગ પ્રકારનું છે. વધતી વસ્તી,



ઊંચી ઈમારતો, કોંક્રીટના રસ્તાઓ અને કુદરતી જળાશયોના નાશને કારણે વરસાદી પાણી જમીનમાં પૂરતા પ્રમાણમાં ઉતરી શકતું નથી. પરિણામે ભૂગર્ભજળનું સ્તર સતત નીચે જઈ રહ્યું છે. બીજી તરફ પાણીની પાઈપલાઈનમાંથી થતો લીકેજ, બિનજરૂરી વપરાશ અને પાણીનો બગાડ પણ ગંભીર સમસ્યાઓ છે. જો દરેક શહેરમાં વરસાદી પાણીના સંગ્રહને

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

ફરજિયાત બનાવવામાં આવે, ગંદાપાણીનું શુદ્ધિકરણ કરીને તેનો પુનઃઉપયોગ કરવામાં આવે અને તળાવો તથા નદીઓનું સંરક્ષણ કરવામાં આવે, તો શહેરો જળસુરક્ષા તરફ મહત્વપૂર્ણ પગલું ભરી શકે. ઉદ્યોગોમાં પણ પાણીનો વ્યાપક ઉપયોગ થાય છે. અનેક ઉદ્યોગો પાણીનો વધુ પડતો ઉપયોગ કરે છે અને યોગ્ય શુદ્ધિકરણ વિના ગંદાપાણી છોડતા હોવાથી નદીઓ, તળાવો અને અન્ય જળસ્ત્રોતો પ્રદૂષિત થાય છે. આજે વિશ્વના ઘણા દેશોમાં ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ (Zero Liquid Discharge), પાણીનું રિસાયક્લિંગ અને ગંદાપાણીના પુનઃઉપયોગ જેવી આધુનિક પધ્ધતિઓ ઝડપથી અપનાવવામાં આવી રહી છે. આ ક્ષેત્રમાં વધુ રોકાણ, નવી ટેક્નોલોજીનો ઉપયોગ અને કડક કાયદાકીય અમલ જળસંકટને ઘટાડવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. ભારત માટે પણ જળસંકટ અત્યંત મહત્વનો વિષય છે. દેશના અનેક રાજ્યોમાં ઉનાળા દરમિયાન પીવાના પાણીની ગંભીર તંગી સર્જાય છે. બીજી તરફ ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, કર્ણાટક અને અન્ય રાજ્યોમાં વરસાદી પાણીના સંગ્રહ, ચેકડેમ, તળાવોના પુનર્જીવન અને માઈક્રો સિંચાઈ જેવી યોજનાઓએ સકારાત્મક પરિણામો આપ્યાં છે. ખાસ કરીને ગુજરાતમાં છેલ્લા બે દાયકામાં હાથ ધરાયેલા જળસંચયના વિવિધ પ્રયાસોએ ગ્રામ્ય વિસ્તારોમાં ભૂગર્ભજળના સ્તરમાં નોંધપાત્ર સુધારો કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. હવે આગામી પડકાર આ પ્રયાસોને વધુ આધુનિક ટેક્નોલોજી સાથે જોડીને વધુ અસરકારક બનાવવાનો છે. આબોહવા પરિવર્તન સામે લડવામાં પણ પાણીનું યોગ્ય સંચાલન કેન્દ્રસ્થાને છે. જંગલોનું સંરક્ષણ, વેટલેન્ડ્સનું પુનર્જીવન, નદીકાંઠાના વિસ્તારોનું રક્ષણ અને વરસાદી પાણીના કુદરતી પ્રવાહને જાળવી રાખવાથી લાંબા ગાળે જળસુરક્ષા વધુ મજબૂત બની શકે છે. વિજ્ઞાન અને ટેક્નોલોજી પણ આ ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે. સ્માર્ટ સેન્સર, ઉપગ્રહ આધારિત જળમોનિટરિંગ, કૃત્રિમ બુધ્ધિમત્તા દ્વારા પાણીના ઉપયોગનું વિશ્લેષણ અને આધુનિક ડિસેલિનેશન ટેક્નોલોજી જેવા નવા ઉપાયો ભવિષ્યમાં જળસંકટનો સામનો કરવામાં અસરકારક સાબિત થઈ શકે છે. જળસંકટનો ઉકેલ માત્ર સરકારો પાસે નથી. દરેક નાગરિકની જીવનશૈલીમાં પરિવર્તન પણ એટલું જ જરૂરી છે. ઘરમાં પાણીનો બગાડ અટકાવવો, વરસાદી પાણીનો સંગ્રહ કરવો, વૃક્ષારોપણ કરવું, પ્લાસ્ટિક અને રસાયણોથી જળસ્ત્રોતોને પ્રદૂષિત ન કરવું તેમજ પાણી બચાવતી ટેવો અપનાવવી એ દરેક વ્યક્તિની જવાબદારી છે. શાળાઓ અને કોલેજોમાં પાણી સંરક્ષણ અંગે વ્યવહારુ શિક્ષણ આપવામાં આવે, તો નવી પેઢી વધુ જવાબદાર અને જાગૃત બની શકે છે. વિશ્વના અનેક દેશોએ પાણીના સંચાલનમાં નવીન મોડેલો અપનાવીને નોંધપાત્ર સફળતા મેળવી છે. ગંદાપાણીના પુનઃઉપયોગ, દરિયાના પાણીનું ડિસેલિનેશન, સ્માર્ટ સિંચાઈ અને પાણીના ડિજિટલ સંચાલન જેવી પધ્ધતિઓ હવે ભવિષ્યની અનિવાર્ય જરૂરિયાત બની રહી છે. વિકાસશીલ દેશો માટે આ અનુભવોમાંથી શીખીને પોતાની સ્થાનિક પરિસ્થિતિને અનુરૂપ ટકાઉ મોડેલો વિકસાવવાની ઉત્તમ તક ઉપલબ્ધ છે. અંતમાં કહી શકાય કે જળસંકટ માત્ર ભવિષ્યની ચેતવણી નથી, પરંતુ વર્તમાનની કઠોર વાસ્તવિકતા છે. જો આજે જ પાણીના સંરક્ષણ, સંચય અને કાર્યક્ષમ ઉપયોગને રાષ્ટ્રીય તેમજ વૈશ્વિક પ્રાથમિકતા આપવામાં આવશે, તો ભવિષ્યની પેઢીઓને જળસુરક્ષિત વિશ્વ આપી શકાશે. પાણીનું દરેક ટીપું જીવનનો આધાર છે અને તેનું સંરક્ષણ સમગ્ર માનવજાતની સામૂહિક જવાબદારી છે. વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંતુલન જાળવીને, વૈજ્ઞાનિક અભિગમ અપનાવીને અને જનભાગીદારીને મજબૂત બનાવીને જ વિશ્વ જળસંકટ જેવી ગંભીર સમસ્યાનો સફળતાપૂર્વક સામનો કરી શકશે. આજે લેવાયેલા યોગ્ય નિર્ણયો આવતીકાલના સુરક્ષિત, સમૃધ્ધ અને જળસંપન્ન વિશ્વના નિર્માણમાં મહત્વપૂર્ણ સાબિત થશે.


## સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૯૭૦ | ૧૫૩૦ |
| શિંગદાણા | ૧૫૮૦ | ૧૫૮૦ |
| શિંગદાણા ફાડા | ૧૦૫૦ | ૧૬૧૫ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૫૮૫ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૭૯૦ |
| તલ કાશમીરી | ૨૪૪૦ | ૨૪૪૦ |
| બાજરો | ૪૬૫ | ૪૬૫ |
| જુવાર | ૧૧૯૫ | ૧૧૯૫ |
| ઘઉં ટુકડા | ૪૧૦ | ૫૬૦ |
| ઘઉં લોકવન | ૪૬૫ | ૫૩૫ |
| અડદ | ૧૪૭૦ | ૧૭૦૦ |
| ચણા | ૧૦૬૫ | ૧૧૯૦ |
| સફેદ ચણા | ૧૧૩૦ | ૧૧૩૦ |
| છોલે ચણા | ૧૦૫૦ | ૧૪૪૫ |
| તુવેર | ૯૩૦ | ૧૧૮૦ |
| કપાસ | ૧૦૫૦ | ૧૯૫૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૩૭૦ |
| જીરૂ | ૩૧૫૦ | ૩૧૫૦ |
| ધાણી | ૨૫૦૦ | ૨૮૩૫ |
| મેથી | ૧૧૨૦ | ૧૨૮૫ |
| સોયાબીન | ૧૧૭૫ | ૧૫૧૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૧૦ | ૨૭૦ |
| રીંગણા | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૭૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૩૪૦ | ૪૬૦ |
| શક્કરીયા | ૬૫૦ | ૭૧૦ |
| ટમેટાં | ૬૫૦ | ૭૫૦ |
| સુરણ | ૮૨૦ | ૯૩૦ |
| ગાજર | ૬૦૦ | ૭૦૦ |
| દુધી | ૪૦૦ | ૫૦૦ |
| કારેલા | ૭૦૦ | ૭૭૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| ચીભડા | ૬૨૦ | ૧૦૦ |
| કાકડી | ૪૨૦ | ૬૯૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૨૨૦ |
| વટાણા | ૨૯૦૦ | ૩૦૦૦ |
| ચોળા લીલા | ૬૦૦ | ૭૦૦ |
| તુરીયા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ભીંડો | ૮૨૦ | ૮૮૦ |
| આદુ | ૨૫૨૦ | ૩૦૧૦ |
| કોથમીર | ૩૦૦૦ | ૩૪૦૦ |
| મેથીભાજી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ફોદીનો | ૭૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૬૨૦ | ૭૦૦ |
| બીટ | ૩૮૦ | ૪૮૦ |
| સરગવો | ૯૨૦ | ૯૮૦ |
| લીમડો મીઠો | ૧૬૦ | ૨૧૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૮૦૦ |
| ડુંગળી સુકી | ૨૧૦ | ૫૫૦ |
| લસણ સુકું | ૨૦૫૦ | ૨૫૫૦ |
| પાલક | ૮૦૦ | ૯૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૭૭૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૮૦ |
| **સાવરકુંડલા** | | |
| તલ સફેદ | ૨૪૦૦ | ૨૫૮૦ |
| તલ કાળા | ૩૨૦૦ | ૩૬૫૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૫૨ |
| કપાસ | ૧૬૮૧ | ---- |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૭ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૧૦ |
| બાજરો | ૪૫૦ | ૫૦૦ |
| સફેદજુવાર | ૪૫૦ | ૧૨૪૫ |
| મગ | ૧૪૦૦ | ૧૫૭૫ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૬૪ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૯૦ |
| મેથી | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ધાણા | ૨૮૫૦ | ---- |
| **ધારી** | | |
| શીંગ દાણા | ૧૬૦૦ | ૧૯૦૦ |
| શીંગ ફાડા | ૧૬૧૦ | ૧૬૧૦ |
| સોયાબીન | ૧૩૧૧ | ૧૪૩૬ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૧૭૦૧ | ૨૧૦૦ |
| તલ કાળા | ૨૩૨૩ | ૩૩૨૬ |
| તલ પીળા | ૨૧૦૦ | ૨૧૦૦ |
| બાજરો | ૪૬૨ | ૫૫૧ |
| ઘઉં ટુકડા | ૩૫૦ | ૫૪૧ |
| જુવાર | ૬૬૦ | ૧૩૦૦ |
| મગ | ૧૨૫૧ | ૧૨૫૧ |
| તુવેર | ૧૨૨૨ | ૧૨૨૨ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૬૦ |
| સોયાબીન | ૧૪૮૦ | ૧૪૮૦ |

# અમેરિકન ફેડરલ રિઝર્વની પાંચ ટાસ્કફોર્સમાં ભારતીય મૂળના ત્રણ નિષ્ણાતોને સ્થાન

વોશિંગ્ટન, તા. ૧૬

અમેરિકન ફેડરલ રિઝર્વ (ફેડ) દ્વારા તેની નાણાકીય નીતિ વધુ અસરકારક અને આધુનિક બનાવવા માટે પાંચ મહત્વપૂર્ણ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે. ફેડના નવા ચેરમેન કેવિન વાર્શના માર્ગદર્શન હેઠળ રચાયેલી આ ટાસ્ક ફોર્સોમાં ભારતીય મૂળના ત્રણ પ્રતિષ્ઠિત નિષ્ણાતોને સ્થાન મળ્યું છે. ભારતીય રિઝર્વ બેંકના પૂર્વ ગવર્નર રઘુરામ રાજન, હાર્વર્ડ યુનિવર્સિટીના જાણીતા અર્થશાસ્ત્રી રાજ ચેટ્ટી અને માઈક્રોસોફ્ટના એક્ઝિક્યુટિવ



વાઈસ પ્રેસિડેન્ટ તથા Xboxના મુખ્ય કાર્યકારી અધિકારી આશા શર્માનો તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે.ફેડ દ્વારા રચાયેલી આ ટાસ્ક ફોર્સો કોમ્યુનિકેશન, બેલેન્સ શીટ પોલિસી, ડેટા, પ્રોડક્ટિવિટી એન્ડ જોબ્સ તેમજ ઈન્ફ્લેશન ફ્રેમવર્ક જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોની સમીક્ષા કરશે. આ પહેલનો મુખ્ય હેતુ અમેરિકાની નાણાકીય નીતિને વધુ મજબૂત, પારદર્શક અને ભવિષ્યના પડકારો માટે સજ્જ બનાવવાનો છે. રઘુરામ રાજનને બેલેન્સ શીટ પોલિસી ટાસ્ક ફોર્સમાં નિયુક્ત કરવામાં આવ્યા છે. તેમની સાથે હાર્વર્ડ યુનિવર્સિટીના અર્થશાસ્ત્રી કરેન ડાયનન અને ફેડરલ રિઝર્વના પૂર્વ ગવર્નર જેરેમી સ્ટીન પણ કાર્ય કરશે. આ ટાસ્ક ફોર્સ ફેડની વર્તમાન બેલેન્સ શીટ નીતિના ખર્ચ, લાભ અને તેના સંસ્થાકીય પ્રભાવોની વિસ્તૃત સમીક્ષા કરશે. વૈશ્વિક અર્થતંત્ર અને મોનેટરી પોલિસી અંગેનો રાજનનો લાંબો અનુભવ આ પ્રક્રિયામાં ઉપયોગી બનશે.હાર્વર્ડ યુનિવર્સિટીના અર્થશાસ્ત્રી રાજ ચેટ્ટીને ડેટા ટાસ્ક ફોર્સમાં સ્થાન આપવામાં આવ્યું છે.

# સોનાના ભાવમાં આંશિક ઘટાડો તો ચાંદીમાં ભાવ વધ્યા

મુંબઈ,તા.૧૬

૧૬ જુલાઈએ સોનાના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનું ૧૮૯ રૂપિયા ઘટીને ૧.૪૨ લાખ રૂપિયા પર આવી ગયું છે. જ્યારે એક કિલો ચાંદી ૬૮૦ રૂપિયા વધીને ૨.૨૦ લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે.આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. ૨૦૨૬માં અત્યાર સુધી સોનું ૯ હજાર રૂપિયા મોંઘું થયું છે. ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ૧૦ ગ્રામ સોનું ૧.૩૩ લાખ રૂપિયાથી ઉપર હતું, જે હવે ૧.૪૨ લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. જ્યારે, ચાંદીની કિંમતમાં ૧૦ હજાર રૂપિયાનો ઘટાડો થયો છે. ચાંદી ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ ૨.૩૦ લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે ૨.૨૦ લાખ રૂપિયા પર છે. આ સમયગાળા દરમિયાન, ૨૯ જાન્યુઆરીએ સોનાએ ૧.૭૬ લાખ રૂપિયા અને ચાંદીએ ૩.૮૬ લાખ રૂપિયાની ઓલ ટાઈમ હાઈ સ્તર પણ બનાવ્યો હતો.કોમોડિટી એક્સપર્ટ અજય કેડિયાના મતે સોના-ચાંદીના ભાવ તેમના ઉચ્ચ સ્તરથી ઘણા નીચે આવી ગયા છે. આવા સમયે રોકાણકારો તેમાં રોકાણ કરી શકે છે, જોકે તેમાં એકસાથે રોકાણ કરવાનું ટાળવું જોઈએ.


# ભારતની ટોચની ૧૦૦ બ્રાન્ડ્સનું મૂલ્ય ૨૫૨.૮ બિલિયન ડોલરે પહોંચ્યું

નવી દિલ્હી, તા. ૧૬

બ્રાન્ડ ફાઈનાન્સ ઈન્ડિયા ૧૦૦-૨૦૨૬ રિપોર્ટ અનુસાર ભારતની ટોચની ૧૦૦ બ્રાન્ડ્સનું સામૂહિક બ્રાન્ડ મૂલ્ય ૨૫૨.૮ બિલિયન ડોલર નોંધાયું છે, જે ગયા વર્ષની સરખામણીએ ૭ ટકા વધુ છે. વૈશ્વિક સ્તરે પડકારજનક આર્થિક પરિસ્થિતિ હોવા છતાં દેશની અગ્રણી બ્રાન્ડ્સે મજબૂત વૃધ્ધિ નોંધાવી છે.

ટોચની ૧૦ બ્રાન્ડ્સમાંથી નવ બ્રાન્ડ્સના મૂલ્યમાં વધારો થયો હોવાનું રિપોર્ટમાં જણાવાયું છે.ટાટા ગ્રુપ ૩૩.૬ બિલિયન ડોલરના બ્રાન્ડ મૂલ્ય સાથે સતત ૧૦મા વર્ષે દેશની સૌથી મૂલ્યવાન બ્રાન્ડ બની રહ્યું છે. ઈન્ફોસિસ ૧૬.૪ બિલિયન ડોલરના બ્રાન્ડ મૂલ્ય સાથે સતત પાંચમા વર્ષે બીજા ક્રમે રહી છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ક્લાઉડ અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશન ક્ષેત્રમાં વધતી માંગનો તેને લાભ મળ્યો છે.એલઆઈસીનું બ્રાન્ડ મૂલ્ય ૧૨ ટકા વધીને ૧૫.૩ બિલિયન ડોલર થયું છે. એચડીએફસી ગ્રુપનું મૂલ્ય થોડું ઘટીને ૧૩.૯ બિલિયન ડોલર થયું હોવા છતાં તે અગ્રણી નાણાકીય બ્રાન્ડ્સમાં સ્થાન જાળવી રાખે છે. રિલાયન્સ અને એસબીઆઈએ પણ નોંધપાત્ર વૃધ્ધિ સાથે પોતાની મજબૂત હાજરી જાળવી રાખી છે.

## શબ્દ સંજોગ-૨૨૩૩



**આડી ચાવી :**
(૧) એક ફળ (૪)
(૪) સાધવુ કે ઠીક કરવુ તે (૪)
(૭)કચાશ, અપૂર્ણતા (૩)
(૮) મદિરા, દારૂ (૨)
(૯) એક વેદ (૨)
(૧૩) પાસા ફેંકી ભવિષ્ય જોવાની વિદ્યા (૩)
(૧૫) ભારતનું એક શહેર (૫)
(૧૮) એક ફળ (૪)
(૨૦) નાનું સરોવર (૩)
(૨૨) રસકસથી ભરેલુ, તાજુ (૨)
(૨૩) ઓકવુ તે, ઉલટી (અ) (૩)
(૨૪) અનુકૂળ વખત - પ્રસંગ (૨)
(૨૬) જામગરી, કફ (૨)
(૨૯) બોલતા કેમ નથી, મોંમા ........ભર્યા છે. (૨)
(૩૦) લેખણ, દસ્તક (૩)
(૩૨) પંખીનુ ઘર (૨)
(૩૩) મોટુ, મુસ્તકી (૩)
(૩૪) એક તેલીબી (૨)

**ઉભી ચાવી :**
(૧) પ્રમાણે, મુજબ (૪)
(૨) શરીરનો એક અવયવ (૨)
(૩) પિતાના વેવાઈ (૩)
(૫) માતાની વેવાણ (૩)
(૬) પૃથ્વી, ધરતી (૨)
(૧૦) મમત્વ (૩)
(૧૧) મિથ્યા દેખાવ, ગોટાળો (૨)
(૧૨) એક નરક (૩)
(૧૪) લડાઈ (૩)
(૧૫) છરી, વારો (૨)
(૧૬) આપને.......વંદન (૫)
(૧૭) એક વાનગી (૩)
(૧૯) ફેર, તફાવત (૩)
(૨૧) સફેદ (૨)
(૨૫) એક રોગ (૩)
(૨૭) મહિલાઓને ભાવતી એક વાનગી (૩)
(૨૮) સમયનો શુમાર (૩)
(૩૧) ટેવ, વ્યસન (૨)

## શબ્દ સંજોગ-૨૨૩૨ જવાબ

**આડી ચાવી:** (૧) પાવાગઢ (૪) સભા (૭) રબર (૯) ખબર (૧૦) સીસમ (૧૨) સોપારી (૧૩) નઈ (૧૪) સત (૧૫) વતન (૧૭) યોજના (૨૦) થર (૨૨) નેતર (૨૪) મહી (૨૬) વિમાતા (૨૮) મમ (૩૦) રસી (૩૧) મજાક (૩૨) આંક (૩૩) વજીર (૩૪) નર. **ઉભી ચાવી:** (૧) પારસી (૨) ગરમ (૩) ઢબ (૫) ભાખરી (૬) તરબતર (૮) રસોઈયો (૧૧) સરત (૧૫) વહેમ (૧૬) નથ (૧૮) જનેતા (૧૯) નાત (૨૧) રવિ (૨૩) રમજાન (૨૫) હીરક (૨૭) માસાજી (૨૯) મકર.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

## લીલીયાના ભોરીંગડા નાલંદા વિદ્યાલયના શિક્ષકનું તણાઈ જવાથી કરૂણ મોત

**શિક્ષકના મૃતદેહને લીલીયા દવાખાને પોસ્ટમાર્ટમ માટે ખસેડાયો**



અમરેલી,તા.૧૬

લીલીયા તાલુકાના ક્રાકચ-ભોરીંગડા રોડ પર ખોડિયાર માતાજીના મંદિર નજીક બાવળા ડુંગરના પાણીમાં તણાઈ જતાં શિક્ષક જગદીશભાઈ કનુભાઈ રંગપરા (ઉં. ૪૦)નું કરુણ મૃત્યુ નિપજ્યું હતું. તેઓ ભોરીંગડા નાલંદા વિદ્યાલયમાં સંચાલક તરીકે ફરજ બજાવતા હતા. પ્રાપ્ત વિગતો મુજબ જગદીશભાઈ તેમના એક સાથી સાથે શાળાના કામે મોટરસાઈકલ પર ક્રાકચ ગામ ગયા હતા. કામ પૂર્ણ કરીને પરત ફરી રહ્યા હતા ત્યારે બપોરે આશરે ૪:૩૦ વાગ્યે પાણી ભરાયેલા વિસ્તારમાં મોટરસાઈકલ સાથે અકસ્માત સર્જાયો હતો. અકસ્માત બાદ તેઓ પાણીના પ્રવાહમાં તણાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો, મામલતદાર કચેરીનો સ્ટાફ અને પોલીસ તાત્કાલિક સ્થળે દોડી આવ્યા હતા. મૃતદેહને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે લીલીયા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો હતો. ઘટનાથી સમગ્ર પંથકમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે.


## ધારા કડીવાર હત્યા કેસમાં સુરજ ભુવાજી સહિત પાંચ આરોપીઓને આજીવન કેદ



જૂનાગઢ,તા.૧૬

ગુજરાતના ચકચારી ધારા કડીવાર હત્યા કેસમાં જૂનાગઢ સેશન્સ કોર્ટે સુરજ ભુવાજી સહિત પાંચ આરોપીઓને આજીવન કારાવાસની સજા ફટકારી છે. જ્યારે ત્રણ આરોપીઓને પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૨માં બનેલા આ કેસે સમગ્ર રાજ્યમાં ભારે ચર્ચા જગાવી હતી. તપાસમાં સામે આવ્યું હતું કે સોશિયલ મીડિયા પર સક્રિય રહેતી ૨૨ વર્ષીય ધારા કડીવાર સુરજ ભુવાજીના સંપર્કમાં આવી હતી. સુરજ પરિણીત અને બે સંતાનોનો પિતા હોવા છતાં બંને લિવ-ઈન સંબંધમાં રહેતા હતા. જોકે સમય જતાં બંને વચ્ચે મતભેદ અને ઝઘડાઓ વધતા ગયા હતા. ત્યારબાદ સુરજે અન્ય આરોપીઓ સાથે મળી ધારાની હત્યાનું કાવતરું રચ્યું હતું. આરોપીઓ ધારાને અમદાવાદ લઈ જવાના બહાને ચોટીલા નજીક આવેલી વાડીમાં લઈ ગયા હતા, જ્યાં ગળેટૂંપો આપી તેની હત્યા કરવામાં આવી હતી. બાદમાં પુરાવા નષ્ટ કરવા માટે મૃતદેહ સળગાવી દેવામાં આવ્યો હતો. પોલીસે સઘન તપાસ કરીને સમગ્ર કાવતરાનો પર્દાફાશ કર્યો હતો. લાંબી કાનૂની પ્રક્રિયા બાદ કોર્ટે પાંચ આરોપીઓને દોષિત ઠેરવી આજીવન કેદની સજા સંભળાવી છે.

## ઉનાના ખાપટ પ્રા.શાળામાં દારૂ મામલે તપાસ શરૂ



ઉના,તા.૧૬

ઉના તાલુકાની ખાપટ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થી પાસે શિક્ષક દ્વારા દારૂ મંગાવ્યાના ચર્ચાસ્પદ મામલે હવે વહીવટી તપાસનો સત્તાવાર પ્રારંભ થયો છે. જિલ્લા વિકાસ અધિકારી-DDOની સૂચનાથી નાયબ જિલ્લા વિકાસ અધિકારીની આગેવાની હેઠળની તપાસ ટીમ શાળામાં પહોંચી હતી. ટીમમાં વેરાવળ તાલુકા શિક્ષણાધિકારી સહિતના અધિકારીઓ સામેલ રહ્યા હતા. તપાસ દરમિયાન શાળાના આચાર્ય, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી હરેશભાઈ વાઢેર, તમામ શિક્ષકો તેમજ સમગ્ર ઘટનાથી સંબંધિત વિદ્યાર્થીઓના નિવેદનો નોંધવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## અમરેલી વિધાનસભામાં વિસ્તારમાં રાજ્યમંત્રી કૌશિકવેકરીયાના હસ્તે નવા નીરના વધામણા



અમરેલી,તા.૧૬

અમરેલી જિલ્લામાં સારા વરસાદને પગલે જળાશયો અને તળાવોમાં નવા નીરની આવક થતાં, કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે વાંકિયા તેમજ ભુખલી-સાથળી ખાતે જળ વધામણાં કરવામાં આવ્યા હતા.ઉનાળા દરમિયાન અમરેલી-વડિયા-કુંકાવાવના ૧૧૫ ગામોમાં તળાવો ઊંડા કરવાની વ્યાપક કામગીરી કરાઈ હતી. જેટકો અને પીજીવીસીએલના આર્થિક અનુદાન તેમજ 'ગીરગંગા ફાઉન્ડેશન'ના ટેકનિકલ સહયોગથી ૧૩૦ હીટાચી મશીનો દ્વારા પ્રતિ ગામ ૬૦૦ કલાક સુધી તળાવો ઊંડા કરાયા હતા.આ સુઆયોજિત જળસંચયના પરિણામે તળાવો નવા નીરથી છલકાઈ રહ્યા છે, આ પ્રસંગે જિલ્લા પંચાયતા સભ્ય આશિષભાઈ અકબરી, ડેનીભાઈ પરમાર, અગ્રણી અતુલભાઈ કાનાણી, મયૂરભાઈ માંજરીયા, મધુભાઈ હરખાણી, ચેતનભાઈ ધાનાણી, યોગેશભાઈ લાખાણી, વિવિધ હોદ્દેદારો સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં કમલમ ખાતે મહત્વની બેઠક



ગાંધીનગર,તા.૧૬

ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને સત્તાધારી પક્ષ ભાજપે અત્યારથી જ પોતાની રાજકીય ગતિવિધિઓ તેજ કરી દીધી છે. ગાંધીનગર સ્થિત પ્રદેશ ભાજપ કાર્યાલય 'કમલમ' ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહની અધ્યક્ષતામાં એક અત્યંત મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. અંદાજે પોણા બે કલાક સુધી ચાલેલી આ મેરેથોન બેઠકમાં રાજ્યના મુખ્ય રાજકીય અને સંગઠનાત્મક મુદ્દાઓ પર વિસ્તૃત મંથન કરવામાં આવ્યું હતું અને આગામી ચૂંટણીલક્ષી વ્યૂહરચનાનો આખો રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે.

## જમનાબા વિદ્યાર્થી ભવન સુરત ખાતે ૧૬૮મો 'વિચારોના વાવેતર' કાર્યક્રમ યોજાયો




**વિદ્યાર્થીઓ માટે અનુદાન યોજના અંતર્ગત સ્કોલરશીપ રાશી અર્પણ કરાઈ**

સુરત, તા.૧૬

સુરતના સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા જમનાબા વિદ્યાર્થી ભવન ખાતે ૧૬૮ મો 'વિચારોના વાવેતર' (થર્સ-ડે થોટ) કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે વક્તા ડૉ. પરેશભાઈ સવાણીએ જણાવ્યું કે, ખુશી માત્ર હસવાનો ભાવ નથી પણ જીવન જીવવાની સુંદર કળા છે, જે ચિંતામુક્તિ, સ્વીકૃતિ અને સકારાત્મકતાથી મળે છે. બીજા વક્તા વૈભવભાઈ પરીખે ઉમેર્યું કે, ભૂતકાળનો બોજ છોડીને બાળકની જેમ વર્તમાનમાં જીવવું, સકારાત્મક વાંચન કરવું અને અન્યને મદદ કરી નાની વાતોમાં આનંદ શોધવો એ જ ખરી ખુશી છે. આ કાર્યક્રમમાં સીએ (CA) કરતા વિદ્યાર્થીઓ માટેની અનુદાન યોજના હેઠળ ડૉ. અમુલખ સવાણી દ્વારા સ્કોલરશીપ અર્પણ કરાઈ હતી. સમગ્ર આયોજન યુવાટીમ, ભાવેશભાઈ રફાળીયા અને અંકિતભાઈ સુરાણીના સંકલન હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયું હતું.

## કોડીનારની સર્વોદય કન્યા છાત્રાલયમાં "બાળ લગ્ન મુક્ત ભારત" વિષયક સેમિનાર યોજાયો



કોડીનાર,તા.૧૬

જિલ્લા કાનૂની સેવા સમિતિ, વેરાવળના માર્ગદર્શન હેઠળ તાલુકા કાનૂની સેવા સમિતિ, કોડીનાર દ્વારા શ્રી સર્વોદય કન્યા છાત્રાલયમાં નાલ્સાની "બાળ લગ્ન મુક્ત ભારત" યોજના અંતર્ગત જાગૃતિ સેમિનાર યોજાયો. કાર્યક્રમનો મુખ્ય હેતુ બાળલગ્ન જેવી કુપ્રથાને નાબૂદ કરી બાળાઓને શિક્ષણ, આરોગ્ય અને સુરક્ષિત ભવિષ્ય માટે પ્રેરિત કરવાનો હતો. ઉપસ્થિત કિશોરીઓને બાળલગ્ન પ્રતિબંધક કાયદાની માહિતી આપી જણાવાયું કે ૧૮ વર્ષથી ઓછી ઉંમરની યુવતી અને ૨૧ વર્ષથી ઓછી ઉંમરના યુવકના લગ્ન કાયદેસર ગુનો છે. બાળલગ્નથી થતા શારીરિક, માનસિક અને સામાજિક દૂષ્પરિણામો અંગે પણ માર્ગદર્શન અપાયું. પ્રસંગે બાળલગ્ન ન કરવા અને અટકાવવા સંકલ્પ લેવડાવવામાં આવ્યો તેમજ 'બેટી બચાવો, બેટી વાંચાવો' સહિત વિવિધ સરકારી કલ્યાણકારી યોજનાઓની માહિતી આપવામાં આવી. કાર્યક્રમમાં પીએલવી પ્રકાશ મકવાણા, મેનેજિંગ ટ્રસ્ટી દુધીબેન વાઝા, વહીવટી ક્લાર્ક કે. સી. મકવાણા ઉપસ્થિત રહ્યા હતા.

## સી.આર.પાટીલના હસ્તે સિહોરના બુઢણા ગામે 'મંજુલા સરોવર'નું ભવ્ય લોકાર્પણ અને જલ વધામણાં યોજાશે

ભાવનગર, તા.૧૬

જળસંચય માટે કાર્યરત ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ભાવનગરના સિહોર તાલુકાના બુઢણા ગામે આગામી ૧૭ જુલાઈ, ૨૦૨૬ના રોજ એક ઐતિહાસિક લોકાર્પણ સમારોહનું આયોજન કરાયું છે.

સુરતના અગ્રણી ઉદ્યોગપતિ અનુભાઈ તેજાણીના સખાવતી સહયોગથી નવનિર્મિત ભવ્ય 'મંજુલા સરોવર'નું લોકાર્પણ કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલના હસ્તે થશે. આ સાથે જ વનવિભાગ આયોજિત 'વનકવચ' અને વૃક્ષારોપણ યોજનાનું ભૂમિપૂજન કેન્દ્રીય મંત્રી નીમુબેન બાંભણીયા અને રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કરવામાં આવશે. કાર્યક્રમમાં જળસંચય માટે પ્રદાન આપનાર સ્થાનિક કર્મયોગીઓનું સન્માન પણ કરાશે. આ મહોત્સવમાં કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી, ધારાસભ્ય ભીખાભાઈ બારૈયા તેમજ અનેક રાજકીય-સામાજિક મહાનુભાવો અને ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહેશે. ટ્રસ્ટ અને ગામ પરિવાર દ્વારા આ મહોત્સવમાં જોડાવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## રાજકોટમાંથી પાંચ આરોપીઓ પાસેથી ગેરકાયદે હથીયાર ઝડપાયા

રાજકોટ,તા.૧૬

રાજકોટ શહેર PCBએ સમગ્ર સૌરાષ્ટ્રમાં હથિયાર સપ્લાય કરતા મધ્યપ્રદેશના સકીલ સાદિક મન્સૂરી સહીત ૫ આરોપીઓને ૧૬ ગેરકાયદે હથિયાર અને ૩૦ જીવતા કાર્ટીસ સાથે ઝડપી પાડી રિમાન્ડ દરમિયાન બીજા દિવસે યુટ્યુબરને બે ગેરકાયદે હથિયાર સાથે ઝડપી પાડ્યા બાદ ગઈકાલે ત્રીજા દિવસે વધુ બે આરોપીને ત્રણ દેશી બનાવટની પિસ્તોલ તેમજ બે જીવતા કાર્ટીસ સાથે ઝડપી પાડ્યા હતા.

ત્યારે આજે વધુ ત્રણ આરોપીને ત્રણ ગેરકાયદે દેશી બનાવટની પિસ્તોલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યાવાહી હાથ ધરી છે. પોલીસ તપાસમાં આરોપીઓ મોજશોખ માટે હથિયાર રાખતા હોવાનું સામે આવ્યું છે.

## અમદાવાદ એરપોર્ટ પર મહિલા મુસાફર પાસેથી ૨૩૩ ગ્રામ સોનું ઝડપાયું

અમદાવાદ,તા.૧૬

અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગની એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU) દ્વારા મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ૧૬ જુલાઈના રોજ અબુ-ધાબીથી ફ્લાઈટ નંબર ૩૧૧૧ મારફતે અમદાવાદ પહોંચેલી એક મહિલા મુસાફરને શંકાના આધારે અટકાવવામાં આવી હતી. અધિકારીઓએ તેની તપાસ કરતા ચોંકાવનારી હકીકત સામે આવી હતી.તપાસ દરમિયાન જાણવા મળ્યું કે મહિલા મુસાફરે કસ્ટમ ડ્યુટી ચૂકવવાનું ટાળવાના ઈરાદાથી પોતાના બુરખાની અંદર ૨૪ કેરેટ સોનાના બે ટીટી બાર છુપાવ્યા હતા. જપ્ત કરાયેલા સોનાનું કુલ વજન ૨૩૩ ગ્રામ હોવાનું સામે આવ્યું છે. આંતરરાષ્ટ્રીય બજાર મુજબ તેની કિંમત અંદાજે ૩૪.૨૯ લાખ રૂપિયા થાય છે. કસ્ટમ્સ વિભાગે કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ની જોગવાઈઓ હેઠળ સમગ્ર સોનું જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક તપાસ બાદ હવે આ સોનું ક્યાંથી લાવવામાં આવ્યું હતું, કોની પાસેથી મેળવવામાં આવ્યું હતું અને કોને પહોંચાડવાનું હતું તે અંગે વધુ તપાસ કરવામાં આવી રહી છે.

## અમરેલી સહિત જિલ્લામાં અમી છાંટણા

અમરેલી,તા.૧૬

અમરેલી જિલ્લામાં મેઘરાજાએ સતત બીજા દિવસે મેઘરાજાએ હાજરી પુરાવી હતી. અમરેલી સહિત જિલ્લાના શહેરોમાં છુટોછવાયો વરસાદ પડ્યો હતો. અમરેલી જિલ્લામાં અચાનક વાતાવરણમાં પલટો આવતાં અનેક તાલુકામાં વરસાદ વરસ્યો છે. જેમાં અમરેલી શહેરમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. સવારથી ભારે બફારા બાદ વરસાદ થતાં ઠંડક પ્રસરી છે.

**CHANGE OF NAME**

I Undersign I MALKAN TASNIM SHABBIRBHAI have changed my name from MALKAN TASLIMA SHABBIRBHAI To MALKAN TASNIM SHABBIRBHAI Now i will be known as MALKAN TASNIM SHABBIRBHAI

Sign : MALKAN TASNIM SHABBIRBHAI

Address : 806, KAPAD BAJAR, TAWAR ROAD,GHANDHI PAA, AT-AMRELI-365601

## ઉના-ગીરગઢડા પંથકમાં ગેરકાયદેસર રેશનિંગનો જથ્થો ભરેલી રિક્ષા ઝડપાઈ



ઉના,તા.૧૬

ઉના-ગીરગઢડા પંથકમાં રેશનિંગના અનાજના ગેરકાયદેસર સંગ્રહ અને વેચાણના કથિત કૌભાંડનો પર્દાફાશ થયો છે. પુરવઠા વિભાગની ટીમે લહેરકા ગામ ખાતે દરોડા જેવી કાર્યવાહી કરીને રેશનિંગનો જથ્થો ભરેલી એક છકડો રિક્ષા ઝડપી પાડી હતી. મળતી માહિતી મુજબ મામલતદાર ભીમાણીને બાતમી મળી હતી કે સુત્રાપાડા તાલુકાના સિંદસર ગામનો રિક્ષાચાલક અલ્વી મોઈન મહંમદહુસેન લાભાર્થીઓ પાસેથી રેશનિંગનું અનાજ રોકડ રકમ આપીને ખરીદી કરી એકત્ર કરી રહ્યો છે.

બાતમીના આધારે નાયબ મામલતદાર હિરેન મકવાણા તથા પુરવઠા વિભાગની ટીમ લહેરકા ગામે પહોંચી હતી અને તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન છકડો રિક્ષામાંથી ૧૨૦ કિલો ઘઉં અને ૨૦૦ કિલો ચોખાનો જથ્થો મળી આવ્યો હતો. વધુ તપાસમાં એક વજન કાંટો પણ મળી આવ્યો હતો. અધિકારીઓએ અનાજ, વજન કાંટો અને રિક્ષા સહિત કુલ રૂ. ૭૯,૬૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. સમગ્ર મામલે સંબંધિત વ્યક્તિ સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

**-:: જાહેર નોટીસ ::-**

**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગીરગઢડા**

નં. જન્મ-મરણ કેસ નં.74/2026
તા. : 13/07/2026

(૧) પરસોતમભાઈ નાનજીભાઈ દેસાઈ,
રહે.ફાટસર, તા.-ગીરગઢડા,
જિ.ગીરસોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

(૧) રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ફાટસર, તા. ગીરગઢડા,
જિ. ગીરસોમનાથ ........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના ફાટસર ગામના રહીશ પરસોતમભાઈ નાનજીભાઈ દેસાઈ તથા શાંતાબેન પ્રસોતમભાઈ દેસાઈના પુત્ર કલ્પેશકુમાર પરસોતમભાઈ દેસાઈનો જન્મ તારીખ.01/06/1988ના રોજ ગીરગઢડા તાલુકાના ફાટસર ગામ ખાતે થયેલ છે, જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, ફાટસર તાલુકો-ગીરગઢડા સને-1988 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૩/૦૭/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૩/૦૭/૨૦૨૬નાં રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યો.

**સહી**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ગીરગઢડા**


**અમેરિકાએ હુમલાઓ વધારતા ઈરાને કુવૈત, બહેરીન પર હુમલા વધાર્યા**

# અમેરિકા-ઈરાન વચ્ચે હોર્મુઝ સ્ટ્રેટને લઈને તણાવ ચરમસીમાએ

દુબઈ, તા. ૧૬

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલો લશ્કરી સંઘર્ષ વધુ ઉગ્ર બન્યો છે. ગુરુવારે વહેલી સવારે અમેરિકાએ ઉત્તર ઈરાન સુધી પોતાના હવાઈ હુમલાનો વિસ્તાર કરતા અનેક લશ્કરી ઠેકાણાઓને નિશાન બનાવ્યા હતા. બીજી તરફ ઈરાને પણ બહેરીન અને કુવૈત તરફ મિસાઈલ તેમજ ડ્રોન હુમલા કરીને જવાબી કાર્યવાહી કરી હોવાનું જણાવાયું છે. જાર્ડને પોતાની તરફ આવી રહેલી ત્રણ ઈરાની મિસાઈલોને તોડી પાડી હોવાનો દાવો કર્યો છે.

પશ્ચિમ એશિયામાં છેલ્લા કેટલાક દિવસોથી વધી રહેલા પ્રતિશોધાત્મક હુમલાઓ અને હોર્મુઝ સ્ટ્રેટને લઈને ઊભા થયેલા તણાવના કારણે યુધ્ધ રોકવા માટે થયેલા વચગાળાના કરાર પર ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. નિષ્ણાતોના મતે હાલની પરિસ્થિતિ સમગ્ર વિસ્તારમાં મોટા પાયે યુધ્ધનું સ્વરૂપ ધારણ કરી શકે છે. ઈરાની અધિકારીઓના જણાવ્યા મુજબ તાજેતરના અમેરિકી હવાઈ હુમલાઓમાં ૩પથી વધુ લોકોના મોત થયા છે જ્યારે ૩૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. ઈરાનના આરોગ્ય મંત્રાલયના પ્રવક્તા હુસૈન કરમનપોરે આ આંકડાની



પુષ્ટિ કરી હતી, જોકે મૃતકો અને ઘાયલોમાં નાગરિકો તથા સૈનિકોની અલગ વિગતો જાહેર કરવામાં આવી નથી. ઈરાનના સરકારી મીડિયા અનુસાર સિસ્તાન-બલુચિસ્તાન પ્રાંતમાં આવેલી ૩૮૮મી મિકેનાઈઝ્ડ ઈન્ફન્ટ્રી બ્રિગેડના બેરેક પર થયેલા અમેરિકી હુમલામાં ઓછામાં ઓછા સાત સૈનિકોના મોત થયા હતા. આ હુમલામાં તાલીમાર્થીઓ અને નિયમિત સૈનિકો બંનેનો સમાવેશ થતો હોવાનું જણાવાયું છે. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે રાતોરાત ડઝનબંધ લક્ષ્યો પર હુમલા કરવામાં આવ્યા હતા અને દિવસ દરમિયાન પણ કાર્યવાહી ચાલુ રાખવામાં આવી હતી. ત્યારબાદ વધુ એક હુમલાનો રાઉન્ડ શરૂ કરવામાં આવતા અમેરિકાએ પોતાની લશ્કરી કાર્યવાહી વધુ તીવ્ર બનાવી હોવાનું સ્પષ્ટ બન્યું છે.

સેન્ટકોમના જણાવ્યા મુજબ કુરાકાઓ ધ્વજ ધરાવતું તેલ ટેન્કર 'બેલ્મા' ખાર્ગ ટાપુ તરફ આગળ વધી રહ્યું હતું. અનેક ચેતવણીઓ છતાં જહાજે સૂચનાઓનું પાલન ન કરતાં અમેરિકી વિમાનોએ હેલફાયર મિસાઈલથી તેની ચીમનીને નિશાન બનાવી જહાજને નિષ્ક્રિય કર્યું હતું. અન્ય બે વેપારી જહાજોએ અમેરિકી સૂચનાઓનું પાલન કરીને પોતાનો માર્ગ બદલી દીધો હતો. અમેરિકાએ હોર્મુઝ સ્ટ્રેટ નજીક આવેલા વ્યૂહાત્મક મહત્વના ગ્રેટર તુનબ ટાપુ પર પણ હુમલો કર્યો હોવાનું જણાવાયું છે.

## નીટ-યુજી ૨૦૨૬ પેપર લીક કેસમાં મોટો ખુલાસો

નવી દિલ્હી, તા. ૧૬:

નીટ-યુજી ૨૦૨૬ પેપર લીક કેસની તપાસ કરી રહેલી સીબીઆઈએ દિલ્હીની કોર્ટમાં ચોંકાવનારો ખુલાસો કર્યો છે. એજન્સીના જણાવ્યા મુજબ, લાતુરના કોચિંગ સેન્ટર સંચાલક શિવરાજ મોટેગાંવકરના મોબાઈલમાંથી મળેલા ૧૩૬ હસ્તલિખિત રસાયણશાસ્ત્રના પ્રશ્નોમાંથી ૧૧૧ પ્રશ્નો નીટ-યુજી ૨૦૨૬ના માસ્ટર પ્રશ્નપત્ર સાથે મેળ ખાતા હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. આ ફોટોગ્રાફ્સ ૨૩ એપ્રિલે મોબાઈલમાં સંગ્રહિત હતા, જ્યારે પરીક્ષા ૩ મેના રોજ યોજાઈ હતી. સીબીઆઈના જણાવ્યા અનુસાર, લીક થયેલા પ્રશ્નપત્રો ટેલિગ્રામ મારફતે વેચાયા હતા અને કેટલાક ઉમેદવારોને અગાઉથી પ્રશ્નો ધરાવતું અનુમાનપત્ર પણ આપવામાં આવ્યું હતું. કેસમાં અત્યાર સુધી ૧૩ લોકોની ધરપકડ કરવામાં આવી છે, જેમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

## ઝારખંડમાં જમીન વળતર વિવાદ હિંસક બન્યો, પોલીસ અને ગ્રામજનો વચ્ચે પથ્થરમારો

પલામુ, તા. ૧૬:

ઝારખંડના પલામુ જિલ્લામાં નેશનલ હાઈવે-૩૯ પર ચિયાંકી ખાતે નિર્માણાધીન ફ્લાયઓવર માટેની જમીનના વળતર મુદ્દે બુધવારે ભારે તણાવ સર્જાયો હતો. વહીવટી તંત્ર અને સ્થાનિક ગ્રામજનો વચ્ચે શરૂ થયેલી બોલાચાલી બાદ પરિસ્થિતિ હિંસક બની અને બંને પક્ષો વચ્ચે પથ્થરમારો થયો. ઘટનામાં



અનેક ગ્રામજનો તેમજ સુરક્ષા કર્મચારીઓ ઘાયલ થયા હતા.

અથડામણ દરમિયાન ઝારખંડ સશસ્ત્ર પોલીસના એક જવાનને માથામાં ગંભીર ઈજા પહોંચી હતી, જ્યારે એક મહિલા સહાયક પોલીસ અધિકારીને પગમાં ઈજા થઈ હતી. તમામ ઘાયલોને મેદિનીનગર મેડિકલ કોલેજ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં પોલીસ અધિકારીઓ ભારે દળ સાથે સ્થળ પર પહોંચ્યા અને પરિસ્થિતિ કાબૂમાં લેવા વધારાની સુરક્ષા વ્યવસ્થા ગોઠવી. ગ્રામજનોનું કહેવું છે કે અસરગ્રસ્ત પરિવારોને યોગ્ય અને સંપૂર્ણ વળતર ચૂકવ્યા વિના બાંધકામ કાર્ય આગળ વધારવું યોગ્ય નથી.

## સોનમ વાંગચુકના સ્વાસ્થ્યની નિયમિત તપાસ કરવા દિલ્હી હાઈકોર્ટની સુચના

નવી દિલ્હી, તા. ૧૬:

દિલ્હી હાઈકોર્ટે જંતર-મંતર ખાતે છેલ્લા ૧૯ દિવસથી ભૂખ હડતાળ પર બેઠેલા સામાજિક કાર્યકર સોનમ વાંગચુકના સ્વાસ્થ્ય અને સલામતી અંગે ચિંતા વ્યક્ત કરી છે. જાહેર હિતની અરજી પર સુનાવણી દરમિયાન કોર્ટે જણાવ્યું કે "જીવન ખૂબ જ કિંમતી છે" અને સરકારી ડોક્ટરોને તેમની નિયમિત તબીબી તપાસ કરવાનો આદેશ આપ્યો છે. કોર્ટે એ પણ જણાવ્યું કે ડોક્ટરોના અહેવાલમાં જરૂર જણાય તો તાત્કાલિક જરૂરી સારવાર અને પગલાં લેવામાં આવે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને જણાવ્યું કે વાંગચુકના સ્વાસ્થ્ય પર સતત નજર રાખવામાં આવી રહી છે અને સરકારી તેમજ ખાનગી ડોક્ટરો દ્વારા સમયાંતરે તપાસ કરવામાં આવી છે. પીઆઈએલમાં દાવો કરવામાં આવ્યો હતો કે ૫૯ વર્ષીય વાંગચુકની સ્થિતિ ગંભીર બની શકે છે.

## ભારતના એરપોર્ટની વૈશ્વિક પ્રશંસા, ઈઝરાયલી રાજદૂતે વ્યક્ત કરી ખુશી

નવી દિલ્હી, તા. ૧૬:

ભારતમાં ઈઝરાયલના રાજદૂત રુવેન અઝારે ભારતીય એરપોર્ટના આધુનિક વિકાસ અને વૈશ્વિક માન્યતાની પ્રશંસા કરતાં આશા વ્યક્ત કરી છે કે ભવિષ્યમાં ભારતીય કંપનીઓ ઈઝરાયલમાં પણ એરપોર્ટ નિર્માણમાં ભાગ લેશે. તેમનું નિવેદન ત્યારે આવ્યું છે જ્યારે "વિશ્વના સૌથી સુંદર એરપોર્ટ ૨૦૨૬"ની યાદીમાં



ગુવાહાટીનું લોકપ્રિયા ગોપીનાથ બોરદોલોઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથક અને નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથકને સ્થાન મળ્યું છે. ઈઝરાયલમાં ભારતીય દૂતાવાસે આ સિધ્ધિને ભારતના ઝડપી માળખાગત વિકાસનું પ્રતિક ગણાવી હતી. આર્કિટેક્ચરલ ડાયજેસ્ટના અહેવાલ મુજબ, ગુવાહાટી એરપોર્ટનું ટર્મિનલ-૨ ત્રીજા અને નવી મુંબઈ એરપોર્ટનું ટર્મિનલ-૧ ચોથા સ્થાને રહ્યું છે. બંને એરપોર્ટની ડિઝાઈનમાં આધુનિકતા, પર્યાવરણીય ટકાઉપણું અને ભારતીય સાંસ્કૃતિક વારસાનું સુંદર સંકલન જોવા મળે છે, જેને વૈશ્વિક સ્તરે સરાહના મળી રહી છે.

## રાજદ સાંસદ અભય કુશવાહાની સમ્રાટ ચૌધરી સાથે મુલાકાતથી બિહારના રાજકારણમાં અટકળો તેજ

પટણા, તા. ૧૬:

બિહારના ઔરંગાબાદથી રાજદના લોકસભા સાંસદ અભય કુશવાહાએ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી સાથે તેમના નિવાસસ્થાને મુલાકાત કરતાં રાજકીય વર્તુળોમાં ચર્ચા તેજ બની છે. મુખ્યમંત્રી કાર્યાલયે આ મુલાકાતને સૌજન્ય મુલાકાત ગણાવી છે, જ્યારે રાજદે પણ સ્પષ્ટ કર્યું છે કે બેઠક દરમિયાન મતવિસ્તારના



વિકાસકાર્યો અંગે ચર્ચા થઈ હતી.

રાજદ પ્રવક્તા મૃત્યુંજય તિવારીએ જણાવ્યું કે મુલાકાતને રાજકીય રંગ આપવો યોગ્ય નથી. જોકે, તાજેતરમાં વિવિધ રાજ્યોમાં વિપક્ષી પક્ષોના નેતાઓ અને સાંસદોના પક્ષપરિવર્તનના કિસ્સાઓને ધ્યાનમાં રાખીને રાજકીય નિષ્ણાતો આ મુલાકાતને મહત્વપૂર્ણ ગણાવી રહ્યા છે.

અભય કુશવાહા અગાઉ જેડીયુ સાથે સંકળાયેલા હતા અને બાદમાં રાજદમાં જોડાયા હતા. તેમની મુલાકાત બાદ બિહારમાં રાજદના ભવિષ્ય અને સંભવિત રાજકીય સમીકરણોને લઈને અટકળો વધુ તેજ બની છે. જોકે, હાલ બંને પક્ષોએ તેને માત્ર ઔપચારિક મુલાકાત હોવાનું જ જણાવ્યું છે.

## રામ મંદિર પ્રસાદ ચોરી કેસ: એસઆઈટીનો અંતિમ રિપોર્ટ ટૂંક સમયમાં સરકારને સોંપાશે

લખનૌ, તા. ૧૬:

અયોધ્યાના શ્રી રામ મંદિર પ્રસાદ ચોરી કેસમાં એસઆઈટીનો તપાસ અહેવાલ લગભગ તૈયાર થઈ ગયો છે અને આગામી ૨૪ કલાકમાં સરકારને સુપરત થવાની શક્યતા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, અહેવાલમાં ચોરીના કારણો, ભરતી પ્રક્રિયામાં થયેલી અનિયમિતતાઓ અને સંચાલન સંબંધિત ખામીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તપાસ દરમિયાન કેટલાક



કર્મચારીઓની ભરતી નિયમો વિરુધ્ધ થઈ હોવાનું સામે આવ્યું છે. અહેવાલમાં સંચાલન અને દેખરેખમાં બેદરકારી માટે જવાબદારી પણ નક્કી કરવામાં આવી છે. યોગી સરકાર રિપોર્ટની સમીક્ષા બાદ આગળની કાનૂની કાર્યવાહી અંગે નિર્ણય લેશે.

## ટીએમસી રાજ્યસભા સાંસદ કોયલ મલિકે આપ્યું રાજીનામું

કોલકાતા, તા. ૧૬:

તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)ના રાજ્યસભા સાંસદ અને ટોલીવુડ અભિનેત્રી કોયલ મલિકે પોતાના પદ પરથી રાજીનામું આપતા પશ્ચિમ બંગાળના રાજકારણમાં નવી ચર્ચાઓ શરૂ થઈ છે. તેમના આ નિર્ણયને ટીએમસી અને મુખ્યમંત્રી મમતા બેનર્જી માટે રાજકીય ફટકા તરીકે જોવામાં આવી રહ્યો છે. રાજીનામા બાદ કોયલ મલિકે કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવ સાથે મુલાકાત કરી હતી. જોકે, આ મુલાકાતનું સત્તાવાર કારણ હજુ સુધી જાહેર કરવામાં આવ્યું નથી, જેના કારણે રાજકીય વર્તુળોમાં વિવિધ અટકળો ચાલી રહી છે. કોયલ મલિક ૧૬ માર્ચ, ૨૦૨૬ના રોજ રાજ્યસભા માટે ચૂંટાયા હતા અને ૬ એપ્રિલે સભ્ય તરીકે શપથ લીધા હતા. નોંધનીય છે કે રાજ્યસભાના સભ્ય બન્યા બાદ તેઓ સંસદના કોઈપણ સત્રમાં હાજર રહ્યા નહોતા. ટીએમસીએ તેમના રાજકારણમાં પ્રવેશને મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું

## રાજસ્થાનની તિજોરીમાં પડેલા ૬૪.૪૪ કરોડના સોના-ચાંદી અંગે કેગે ઉઠાવ્યા સવાલ

જયપુર, તા. ૧૬:

કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (કેગ)ના અહેવાલમાં ખુલાસો થયો છે કે રાજસ્થાન સરકારની અનામત તિજોરીમાં ૬૪.૪૪ કરોડ રૂપિયાની કિંમતનું સોનું અને ચાંદી વર્ષોથી પડેલું છે. અહેવાલ મુજબ, ૨૯.૦૧૧ કિલો સોનું અને ૯૭૨.૭૪૭ કિલો ચાંદી કોર્ટ દ્વારા રાજ્યની મિલકત જાહેર થયા બાદ તિજોરીમાં જમા



કરવામાં આવ્યા હતા. નિયમો અનુસાર તેનો નિકાલ થવો જોઈએ, પરંતુ મે ૨૦૨૫ સુધી કોઈ કાર્યવાહી થઈ નહોતી. કેગે આ મામલે નાણાકીય બેદરકારી દર્શાવી રાજ્ય સરકારને નિયમ મુજબ તાત્કાલિક નિકાલ કરવાની ભલામણ કરી છે.

## રાજસ્થાનમાં અનોખા લગ્ન: મંડોર ઓપન જેલમાં બે આજીવન કેદીઓ લગ્નબંધનમાં બંધાશે

જયપુર, તા. ૧૬:

રાજસ્થાન હાઈકોર્ટે એક ઐતિહાસિક નિર્ણય આપતાં જોધપુરની મંડોર ઓપન જેલમાં બે આજીવન કેદીઓને લગ્ન કરવાની મંજૂરી આપી છે. આ સાથે રાજ્યના જેલ ઈતિહાસમાં પ્રથમ વખત ઓપન જેલ સંકુલમાં કેદીઓના લગ્ન યોજાવાના છે. હાઈકોર્ટની જોધપુર બેન્ચે મંડોર ઓપન જેલમાં સજા ભોગવી રહેલા મુલા રામ ભાટી (૩૩)




અને પેરોલ પર મુક્ત થયેલી આજીવન કેદી સીમા ઘડસે (૩૧)ના લગ્નને મંજૂરી આપી છે. બંને ૨૨ જુલાઈએ મંડોર ઓપન એર કેમ્પમાં લગ્ન કરશે. ખેતરમાં કામ દરમિયાન બંને વચ્ચે પરિચય થયો હતો, જે બાદ તેમની મિત્રતા પ્રેમમાં પરિણમી હતી.

કોર્ટે જણાવ્યું કે લગ્ન કરવું, પરિવાર સ્થાપવો અને ગૌરવપૂર્ણ જીવન જીવવું દરેક નાગરિકનો બંધારણીય અધિકાર છે. સાથે જ કોર્ટે જેલ વહીવટીતંત્રને લગ્ન પ્રસંગે યોગ્ય સુરક્ષા અને દેખરેખ જાળવવાના નિર્દેશ આપ્યા છે. આ નિર્ણયને કેદીઓના પુનર્વસન અને માનવ અધિકારોના દૃષ્ટિકોણથી મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે.

## અમેરિકન મહિલાની મુક્તિ બાદ ટ્રમ્પે ઈરાનની પ્રશંસા કરી, બિડેન પર સાધ્યું નિશાન

વોશિંગ્ટન, તા. ૧૬:

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન દ્વારા એક અમેરિકન મહિલાને દેશ છોડવાની મંજૂરી આપવાના નિર્ણયને "સદ્ભાવનાનો સંકેત" ગણાવી તેની પ્રશંસા કરી છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર લખ્યું કે ડિસેમ્બર ૨૦૨૪થી ઈરાનમાં અટકાયતમાં રહેલી અમેરિકન નાગરિક હવે સુરક્ષિત રીતે બહાર આવી




ગઈ છે.ટ્રમ્પે આ મુદ્દે પૂર્વ રાષ્ટ્રપતિ જો બિડેનની પણ ટીકા કરી અને દાવો કર્યો કે મહિલાની અટકાયત બિડેનના કાર્યકાળ દરમિયાન થઈ હતી. જોકે, તેમણે પોતાની પોસ્ટમાં મહિલાનું નામ જાહેર કર્યું નહોતું. બાદમાં આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર વકીલ જેરેડ ગેન્સરે મહિલાની ઓળખ દીના કરારી તરીકે આપી અને તેમની મુક્તિની પુષ્ટિ કરી. ગેન્સરે આ સફળતા માટે ટ્રમ્પના પ્રયાસોને શ્રેય આપ્યો હતો. નોંધનીય છે કે તાજેતરમાં અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ યથાવત રહ્યો છે, છતાં આ ઘટનાને બંને દેશો વચ્ચે સકારાત્મક સંકેત તરીકે જોવામાં આવી રહી છે.

# રાજ્યમાં વરસાદનો બીજો રાઉન્ડ શરૂ, ૩૧ તાલુકામાં મેઘમહેર

અમદાવાદ, તા. ૧૬

ગુજરાતમાં અષાઢી બીજના પવિત્ર અવસરે મેઘરાજાએ ફરી જોરદાર એન્ટ્રી કરી છે. રાજ્યમાં એકસાથે ચાર મહત્વપૂર્ણ હવામાન પ્રણાલીઓ સક્રિય થતાં વરસાદનો બીજો રાઉન્ડ શરૂ થયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૧૮ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો, જ્યારે ગુરુવારે વહેલી સવારથી વધુ ૩૧ તાલુકાઓમાં



વરસાદી ઝાપટાં પડ્યાં હતા. સુરત જિલ્લાના કામરેજમાં સૌથી વધુ અંદાજે ૨ ઈંચ વરસાદ નોંધાયો હતો. જૂનાગઢ, ગીર સોમનાથ, નવસારી, પાટણ અને રાજકોટ સહિતના વિસ્તારોમાં વરસાદથી ગરમી અને બફારાથી રાહત મળી છે. ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગે આગામી સાત દિવસ સુધી રાજ્યના વિવિધ વિસ્તારોમાં સામાન્યથી મધ્યમ વરસાદ, ગાજવીજ અને તેજ પવનની શક્યતા વ્યક્ત કરી છે. ચોમાસાની શરૂઆતથી અત્યાર સુધી ગુજરાતમાં સરેરાશ ૧૬૨.૮ મિમી વરસાદ નોંધાયો છે, જે સામાન્ય સરેરાશ કરતાં આશરે ૨૮ ટકા ઓછો છે.

# અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની ૧૪૯મી ઐતિહાસિક રથયાત્રા નીકળી

અમદાવાદ,તા.૧૬

અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની ૧૪૯મી ઐતિહાસિક અને પૌરાણિક રથયાત્રા ભવ્ય રીતે નીકળી હતી. વહેલી સવારે ૪ વાગ્યે મંગળા આરતી સાથે કાર્યક્રમનો પ્રારંભ થયો હતો. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ પરિવાર સાથે આરતીમાં હાજર રહ્યા હતા. આરતી બાદ ભગવાનને વિશિષ્ટ ખીચડીનો ભોગ ધરાવવામાં



આવ્યો હતો. ત્યારબાદ ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજીને રથમાં બિરાજમાન કરાયા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પરંપરાગત પહિંદ વિધિ કરી રથયાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું.ભગવાન જગન્નાથજી નંદીઘોષ રથમાં, બહેન સુભદ્રાજી દર્પદલન રથમાં અને ભાઈ બલભદ્રજી તાલધ્વજ રથમાં નગરચર્યાએ નીકળ્યા હતા. રથયાત્રા દરમિયાન માર્ગો પર ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. રથયાત્રા નિયત સમય કરતા અંદાજે એક કલાક મોડી ચાલી રહી હતી અને ધીમી ગતિએ આગળ વધી રહી હતી. હાલ ત્રણેય રથ સરસપુર પહોંચ્યા હતા જ્યાં ભગવાનનું પરંપરાગત મામેરું ભરાયું હતું.

# મોરબીમાં મચ્છુ માતાજીની ભવ્ય રથયાત્રા, હજારો ભાવિકો ઉમટ્યા

મોરબી, તા. ૧૬

અષાઢી બીજના પાવન પર્વે મોરબીમાં ભરવાડ અને રબારી સમાજ દ્વારા આરાધ્ય મચ્છુ માતાજીની પરંપરાગત રથયાત્રા ભવ્ય રીતે યોજાઈ હતી. છેલ્લા ૨૨ વર્ષથી યોજાતી આ રથયાત્રા મહેન્દ્રપરા સ્થિત માતાજીના મંદિરમાંથી પ્રસ્થાન કરી શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ મચ્છુ નદી કાંઠે આવેલા મંદિરે પહોંચી હતી.

રથયાત્રામાં હજારો ભાવિકો જોડાયા હતા. ભરવાડ અને રબારી સમાજના પરંપરાગત રાસ અને હુડાએ સૌનું ધ્યાન આકર્ષ્યું હતું. માતાજીને ૫૨ ગજની ધજા અર્પણ કરવામાં આવી હતી. ભાવિકો માટે ૪૦૦ કિલો શુધ્ધ ઘીનો શીરો, સૂકી ભાજી અને ચેવડાનો પ્રસાદ વિતરણ કરવામાં આવ્યો હતો. સમગ્ર આયોજનને સફળ બનાવવા ૨૦૦થી વધુ સ્વયંસેવકોએ સેવા આપી હતી. પોલીસ દ્વારા ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

# ગાંધીનગરમાં ૨૦કરોડના ખર્ચે બનનાર 'કૌશલ્ય વિકાસ ભવન'નું ભૂપેન્દ્ર પટેલના હસ્તે ભૂમિપૂજન

ગાંધીનગર, તા. ૧૬

યુવાનોના કૌશલ્ય વિકાસ અને ઔદ્યોગિક પ્રગતિને પ્રોત્સાહન આપવા ગાંધીનગર ખાતે રૂ. ૨૦ કરોડથી વધુના ખર્ચે નિર્માણ થનારા 'કૌશલ્ય વિકાસ ભવન'નું અષાઢી બીજના પવિત્ર દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. લઘુ ઉદ્યોગ ભારતી ગુજરાત અને ઉદ્યોગ વિકાસ



પરિષદના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં પરમ પૂજ્ય સ્વામી પરમાનંદ સરસ્વતીજી મહારાજ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ભવનના નિર્માણ માટે યોગદાન આપનારા દાતાઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. આ ભવનમાં સ્કિલ ડેવલપમેન્ટ, ટેકનિકલ તાલીમ, સેમિનાર, વર્કશોપ, ઉદ્યોગ માર્ગદર્શન અને સ્ટાર્ટઅપ સહાય જેવી વિવિધ પ્રવૃત્તિઓ યોજાશે. આ પ્રોજેક્ટ યુવાનોને આધુનિક ઉદ્યોગોની તાલીમ આપી રોજગારીની નવી તકો ઉપલબ્ધ કરાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

# સુરતમાં એકતરફી પ્રેમીના માનસિક ત્રાસથી યુવતીએ કર્યો આપઘાત

સુરત, તા. ૧૬

સુરતના સચીન જીઆઈડીસી વિસ્તારમાં ૨૧ વર્ષની યુવતીએ આત્મહત્યા કરતાં ચકચાર મચી છે. પરિવારની ફરિયાદ મુજબ, એકતરફી પ્રેમમાં આરોપી મુમતાઝ રબીલ અહમદ છેલ્લા છ મહિનાથી યુવતી પર સંબંધ રાખવા માટે દબાણ કરતો હતો. યુવતીના ઈનકાર છતાં આરોપી દ્વારા સતત ધમકી, મારપીટ અને માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાના આક્ષેપ કરવામાં આવ્યા છે.

ફરિયાદમાં આરોપીએ ચપ્પુની અણીએ યુવતી સાથે દુષ્કર્મ આચર્યું હોવાનો પણ ઉલ્લેખ છે. સતત ત્રાસ અને ભયના કારણે યુવતી ગંભીર માનસિક તણાવમાં આવી ગઈ હતી અને અંતે આત્મહત્યા કરી હોવાનું પરિવારજનોએ જણાવ્યું છે. પોલીસે પરિવારની ફરિયાદના આધારે બળાત્કાર, આત્મહત્યા માટે દુષ્પ્રેરણા અને એટ્રોસિટી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે.

# સુરતમાં બાથરૂમમાં પાણી ન નાખવાના મુદ્દે પુત્રએ કરી પિતાની નિર્મમ હત્યા

સુરત, તા. ૧૬

સુરત જિલ્લાના પલસાણા તાલુકાના જાલવા ગામમાં સંબંધોને શરમજનક બનાવતી ઘટના સામે આવી છે. બાથરૂમમાં પાણી ન નાખવાના મુદ્દે થયેલી બોલાચાલી દરમિયાન પુત્રએ પોતાના ૬૦ વર્ષીય પિતાની લોખંડના સળિયાથી હુમલો કરી હત્યા કરી નાખી હતી. માહિતી મુજબ, આરાધના ડ્રીમ



સોસાયટીમાં રહેતા સુખલાલભાઈ અને તેમના પુત્ર જીતુ વચ્ચે સામાન્ય બાબતે ઝઘડો થયો હતો. ઉશ્કેરાયેલા જીતુએ લોખંડના સળિયાથી પિતાના ગરદનના ભાગે જોરદાર ફટકો માર્યો હતો. ગંભીર રીતે ઈજાગ્રસ્ત સુખલાલભાઈને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. માતા આશાબેને ઝઘડો અટકાવવાનો પ્રયાસ કર્યો હતો, છતાં ઘટના બની હતી. પલસાણા પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપી જીતુની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# મહીસાગરના આંબા ગામમાં કુહાડીના ઘા ઝીંકી પિતાએ પુત્રને પતાવી દીધો

મહીસાગર, તા. ૧૬

મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના આંબા ગામમાં સંબંધોને શરમજનક બનાવતી ઘટના સામે આવી છે. ખેતીના કામ માટે ટ્રેક્ટરના ભાડાની બાબતે થયેલી તકરાર બાદ પિતાએ પોતાના જ પુત્રની કુહાડીના ઘા ઝીંકી હત્યા કરી નાખી હતી. પોલીસના જણાવ્યા



મુજબ, અરવિંદ માલીવાડ અને તેમના પિતા રમેશ માલીવાડ વચ્ચે ખેતરના કામના ખર્ચ અને ટ્રેક્ટરના ભાડા મુદ્દે ઝઘડો થયો હતો. બાદમાં મામલો શાંત પડી ગયો હતો, પરંતુ રોષે ભરાયેલા પિતાએ રાત્રે ઘરમાં સૂતા પુત્ર પર કુહાડી વડે હુમલો કર્યો હતો. માથા, મોઢા અને છાતીના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા અરવિંદનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. ઘટના અંગે મૃતકની બહેન સુમિત્રાબેને સંતરામપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે આરોપી પિતા રમેશ માલીવાડની અટકાયત કરી હતી.

# માલીમાં અપહરણ બાદ હીરા ઉદ્યોગપતિ ધીરૂ રામાણી મુક્ત

સુરત, તા. ૧૬

પશ્ચિમ આફ્રિકાના માલી દેશમાં કથિત અપહરણનો ભોગ બનેલા સુરતના જાણીતા હીરા ઉદ્યોગપતિ ધીરૂ રામાણી મુક્ત થયા હોવાની માહિતી સામે આવી છે. પરિવાર સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યા મુજબ, તેમની મુક્તિ માટે અંદાજે ૪ મિલિયન યુરો, એટલે



કે લગભગ ૪૪ કરોડ રૂપિયાની રકમ ચૂકવવામાં આવી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ધીરૂ રામાણી છેલ્લા ત્રણ મહિનાથી માલીમાં ગુમ હતા. લાંબી વાટાઘાટો બાદ તેઓ અને તેમની સાથેના અન્ય બે ભારતીય નાગરિકો સુરક્ષિત રીતે મુક્ત થયા હોવાનું જણાવાયું છે. જોકે, ખંડણીની રકમ અને મુક્તિ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.

# સુરત એરપોર્ટના રનવે પર સાપ દેખાતા ફ્લાઈટ રોકાઈ

સુરત, તા. ૧૬

સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ટેક-ઓફ પહેલાં રનવે પર અંદાજે ત્રણ ફૂટ લાંબો સાપ દેખાતા થોડા સમય માટે ફ્લાઈટની કામગીરી રોકવામાં આવી હતી. વિમાનમાં બેઠેલા એક મુસાફરે રનવે પર સાપ જોયા બાદ પાયલોટને જાણ કરી હતી. સુરક્ષાને પ્રાથમિકતા આપતાં પાયલોટે તરત જ જરૂરી પગલાં લીધાં અને એરપોર્ટની સુરક્ષા તથા ગ્રાઉન્ડ સ્ટાફને જાણ કરવામાં આવી હતી. ટીમ ઘટનાસ્થળે પહોંચી સાપને દૂર કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. ચોમાસાના કારણે નજીકની ઝાડીઓમાંથી સાપ રનવે સુધી પહોંચી ગયો હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઘટનામાં કોઈ જાનહાનિ કે નુકસાન થયું નથી. સ્થિતિ સામાન્ય બન્યા બાદ ફ્લાઈટ ઓપરેશન ફરી નિયમિત રીતે શરૂ કરવામાં આવ્યું હતું.

# અષાઢી બીજે કચ્છમાં ખાવડા અને ધોળાવીરા નજીક ભૂકંપના બે આંચકા

ભુજ, તા. ૧૬

કચ્છમાં અષાઢી બીજ અને કચ્છી નવા વર્ષના દિવસે ત્રણ મિનિટના અંતરે ભૂકંપના બે આંચકા નોંધાતા સ્થાનિકોમાં થોડો ભયનો માહોલ જોવા મળ્યો હતો. બપોરે ૨:૨૦ વાગ્યે ખાવડા નજીક ૩.૬ની તીવ્રતાનો પ્રથમ ભૂકંપ નોંધાયો હતો, જ્યારે ૨:૨૩ વાગ્યે ધોળાવીરા નજીક ૩.૨ની તીવ્રતાનો બીજો આંચકો અનુભવાયો હતો.



આંચકાઓ બાદ કેટલાક લોકો સાવચેતીના ભાગરૂપે ઘરની બહાર નીકળી આવ્યા હતા. જોકે, કોઈ જાનહાનિ કે નુકસાનના અહેવાલ મળ્યા નથી. કચ્છ જિલ્લામાં સક્રિય ફોલ્ટ લાઈનોના કારણે સમયાંતરે ભૂકંપના આંચકા અનુભવાતા રહે છે.

# રાજકોટમાં ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા યોજાઈ, હજારો ભાવિકો જોડાયા

રાજકોટ, તા. ૧૬

અષાઢી બીજના પાવન અવસરે રાજકોટના કૈલાશધામ આશ્રમ, નાનામૌવાથી ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા ભક્તોના જયઘોષ વચ્ચે નીકળી હતી. રાજવી માંધાતાસિંહજીના હસ્તે પરંપરાગત પહિંદવિધિ સંપન્ન કરવામાં આવી હતી. આ પ્રસંગે સાંસદ પુરુષોત્તમ રૂપાલા, મેયર ડો. નેહલ શુક્લ, ધારાસભ્ય રમેશ ટીલાળા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત



રહ્યા હતા.


સવારે શરૂ થયેલી રથયાત્રા શહેરના વિવિધ મુખ્ય માર્ગો પરથી પસાર થઈ લગભગ ૨૨ કિલોમીટરનું અંતર કાપીને સાંજે કૈલાશધામ આશ્રમ ખાતે પૂર્ણ થઈ હતી. રથયાત્રામાં ભગવાન બલભદ્ર, માતા સુભદ્રા અને ભગવાન જગન્નાથના રથો મુખ્ય આકર્ષણ રહ્યા હતા. સમગ્ર માર્ગ પર ભક્તિમય વાતાવરણ છવાયું હતું.

# સુરતના ૫૫૮ શિક્ષકોને ઓનલાઈન હાજરી મુદ્દે નોટિસ ફટકારાઈ

**જીપીએસ આધારિત એટેન્ડન્સમાં ગેરહાજરી નોંધાતા કાર્યવાહી**

સુરત, તા. ૧૬

સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓમાં ઓનલાઈન હાજરી પ્રણાલીના કડક અમલ વચ્ચે ૫૫૮ શિક્ષકોને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે. ૮ જૂનથી ૯ જુલાઈ દરમિયાનની હાજરીની સમીક્ષા દરમિયાન એક



અથવા વધુ દિવસની ઓનલાઈન હાજરી નોંધાઈ ન હોવાનું સામે આવ્યું હતું. શિક્ષકોને લેખિત ખુલાસો આપવા સૂચના અપાઈ છે. કેટલાક શિક્ષકોએ નેટવર્ક અને ટેકનિકલ ખામીને જવાબદાર ગણાવી છે. શિક્ષણ સમિતિએ જણાવ્યું છે કે સંતોષકારક ખુલાસો ન મળ્યે વિભાગીય કાર્યવાહી અને પગાર કપાત જેવા પગલાં લેવામાં આવી શકે છે. હાલમાં તમામ રજૂઆતોની તપાસ ચાલી રહી છે.